સપ્ટેમ્બર ૨૦૨૧

# દાદાવાણી

છૂટક પ્રતના રૂ ૧૫




આ કુદરત જ છે, તે આ પ્રવાહ અવિનાશી તરફ જ જઈ રહ્યો છે. ચઢ-ઉતર થયા પછી, બધા અનુભવ કર્યા પછી અવિનાશી તરફ જવાનું છે. અનુભવો કર્યા વગર તો ત્યાં પહોંચવાનું છે નહીં. છેવટે કેવળજ્ઞાન એટલે તમામ પ્રકારના અનુભવોનું સંગ્રહસ્થાન.

## અડાલજ : DMHT શિબિર : તા.૭-૮ ઓગસ્ટ ૨૦૨૧



## અડાલજ : PMHT શિબિર : તા.૧૧-૧૬ ઓગસ્ટ ૨૦૨૧



## અડાલજ : જ્ઞાનવિધિ : તા.૧૫ ઓગસ્ટ ૨૦૨૧



વર્ષ : ૨૭, અંક : ૧
સળંગ અંક : ૩૧૩
**સપ્ટેમ્બર ૨૦૨૧**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2021,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421
**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
ભારત : ૬૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૫ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## કુદરતના અકળ પ્લાનિંગમાં અહંકારનું ઘડતર

### સંપાદકીય

આ જગત સ્વભાવથી ચાલી રહ્યું છે, સ્વભાવની બહાર કશું ગયું જ નથી. આ વ્યવહાર જે છે, તે આખોય સમસરણ માર્ગ છે. સમસરણ માર્ગ એટલે નિરંતર પ્રવાહરૂપે વહેતો પરિવર્તનશીલ માર્ગ, જે એક ક્ષણવાર પણ સ્થિર થયો નથી. આવા વહેતા જગતનું સ્વરૂપ જ્ઞાનીઓને દેખાયું અને બીજાને દેખાડી શક્યા.

જગત અનાદિ અનંત છે. તેમાં જીવો ઉત્ક્રાંતિ પામ્યા જ કરે છે. આ સમસરણ માર્ગમાં જીવોના ત્રણ ભાગ પાડેલા છે. એક-અવ્યવહાર રાશિ, જે સ્ટોકમાં પડેલો માલ, જ્યાં ઉત્ક્રાંતિ થતી નથી. બીજી-વ્યવહાર રાશિ સ્ટોકમાંથી બહાર વ્યવહારમાં ઉત્ક્રાંતિ થાય અને ત્રીજું-સિદ્ધક્ષેત્ર ! ઉત્ક્રાંતિવાદમાં જીવ એકેન્દ્રિય, બે ઈન્દ્રિય એમ 'ડેવલપ' થતો થતો મનુષ્યમાં આવે છે અને મનુષ્યમાં આવ્યો એટલે 'ઈગોઈઝમ' હોવાથી કર્તા થાય. એટલે પછી કર્મ પ્રમાણે એને ફળ ભોગવવા પડે છે. 'ડેબિટ' કરે ત્યારે જાનવરમાં અગર તો નર્કગતિમાં જવું પડે અને 'ક્રેડિટ' કરે ત્યારે મનુષ્ય અગર તો દેવગતિ મળે.

આમ કુદરતના અકળ પ્લાનિંગમાં દરેક જીવ સમસરણ માર્ગના વહેતા પ્રવાહમાં જાત-જાતના ઉતાર-ચઢાવમાંથી પસાર થાય છે. ઉત્ક્રાંતિ થતાં થતાં, દરેક લેવલે અનુભવ કરતા-કરતા આગળ વધી પોતાના અંતિમ મૂળ મુકામે પહોંચે છે. મૂળ મુકામે પહોંચતા પહેલા જીવ સંસારમાં ભટકે છે તે શાના કારણે ? અહંકારને લઈને. અહંકાર ઊભો થવાથી ગૂંચવાડો ઊભો થાય છે અને અટવાય છે.

પ્રસ્તુત અંકમાં પરમ પૂજ્ય દાદાશ્રી કહે છે કે સમસરણ માર્ગે અહંકારનું જે કુદરતી ડેવલપમેન્ટ થાય છે, તેની પાછળ કુદરતના અમુક નિયમો સૂક્ષ્મમાં કામ કરી રહ્યા છે. કે કુદરત એટલે શું ? પછી વ્યવસ્થિત અને કુદરતની લિંક, નિયતિનો પ્રવાહ, મનુષ્યભવમાં અહંકારનું ઊભું થવું અને તેના ડખા, કુદરતનો ખોરાક જ અહંકાર છે, સર્જન અહંકારનું અને વિસર્જન કુદરતનું, સત્તા આપવા માટેના કુદરતના કાયદા, કુદરત એ આપણો જ ફોટો છે, કુદરતને જાણવી એ જ વિજ્ઞાન છે, વિગેરે બાબતોની સુંદર સ્પષ્ટતા અહીં થાય છે.

મહાત્માઓને વ્યવસ્થિતની આજ્ઞા પાળવા સહાય થાય તે અર્થે કુદરતના નિયમો અને અહંકારની લિંક સંબંધી વાણી એકત્રિત થઈ છે. તે પ્રેક્ટિકલી જીવનમાં વપરાય, જેથી ડિસ્ચાર્જ અહંકારના ચઢાવ-ઉતાર વખતે આ જ્ઞાનથી સમતા રહે અને સાથે એ પાકું થતું જાય કે પ્રત્યેક સંજોગો અહંકારને ઠેકાણે રાખવા માટે છે, રિપેર કરવા માટે છે, મારા જ ઘડતર માટે છે અને અંતે તો આ જ્ઞાન સાથે કુદરતી સંજોગો મને મારા મૂળ મુકામે પહોંચાડશે એવી ભાવના સાથે પરમ પૂજ્ય દાદાશ્રીની વાણીનું આરાધન થાય એ જ અભ્યર્થના.

**જય સચ્ચિદાનંદ.**

# કુદરતના અકળ પ્લાનિંગમાં અહંકારનું ઘડતર

## વિજ્ઞાન વિના ન કળાય કુદરત

**પ્રશ્નકર્તા :** કુદરત એટલે શું ?

**દાદાશ્રી :** કુદરત એટલે 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' છે.

**પ્રશ્નકર્તા :** વિજ્ઞાન એ કુદરત જ છે ને ? કુદરત ને વિજ્ઞાનનો એક જ મેળ છે ?

**દાદાશ્રી :** 'કુદરતને જાણવી' એનું નામ વિજ્ઞાન અને 'કુદરતને ના જાણવી' એનું નામ અજ્ઞાન. કુદરતને જાણવી જોઈએ.

**પ્રશ્નકર્તા :** તો કુદરત અને વિજ્ઞાન બન્ને કેટલા સંકળાયેલા છે એકબીજા સાથે ?

**દાદાશ્રી :** નેચર (કુદરત) શું છે ને કેવી રીતે ચાલે-કરે છે, નાશ કેવી રીતે થાય છે, એ બધાનું વર્ણન સાયન્સ (વિજ્ઞાન) કરે છે.

**પ્રશ્નકર્તા :** આટલી સહજ રીતે વસ્તુ મૂકી દીધી કે આનું વર્ણન આ કરે છે, બસ પતી ગયું !

**દાદાશ્રી :** બસ, બીજું શું ત્યારે ?

**પ્રશ્નકર્તા :** સહેજ લાંબું કરો ને એમ.

**દાદાશ્રી :** એવું છે ને કે આ આનું વર્ણન કરે છે કે 2H + O એટલે પાણી થઈ જશે. એવી રીતે, આ નેચર અને આ વિજ્ઞાન. કુદરત એનું નામ કે જે વિરોધાભાસી બિલકુલ હોય નહીં. 2H અને O, બે ભેગા થાય, બીજા અમુક સંજોગો ભેગા થાય એટલે એનું પાણી જ થાય, તેલ ના થાય. આ તો 'સાયન્સ' છે. આ બધું વિજ્ઞાનથી ચાલી રહ્યું છે જગત.

કુદરત એ કોઈ વસ્તુ નથી. કુદરત એટલે સંજોગોનું ભેગું થવું તે. સંજોગોનો ભેગા થવાનો પ્રયત્ન થવા માંડ્યો, એનું નામ કુદરત અને એ સંજોગો ભેગા થઈ રહ્યા, એનું નામ 'વ્યવસ્થિત.'

વ્યવસ્થિત એટલે 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ.' એને આપણા લોક 'નેચર' - કુદરત કહે છે. જે જે સંયોગ ભેગા થાય, તે સૌ સૌના સ્વાભાવિક ભાવ બતાવી, ભેગા થઈને પાછા નવી જાતના ભાવ બતાવે છે. એચ ટુ ($H_2$) અને O ભેગા થાય ને પાણી થાય ! એવું આ ભેળું થાય છે, વિખરાય છે. ખાવાનું-પીવાનું, પાછું સંડાસ જવાનું, આ બધું 'સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ' છે !

**પ્રશ્નકર્તા :** આ વૈજ્ઞાનિક સંયોગિક પુરાવાઓ ભેગા થાય તો એની પાછળ કોઈ શક્તિ તો ખરી ને ?

**દાદાશ્રી :** એ જીવંત શક્તિ નથી, એ જડશક્તિ છે. જડ અને ચેતનની 'મિક્ષ્ચર' શક્તિ છે. એમાં જડનો વિશેષભાવ થયેલો છે. આમાં આત્મા તો અનાદિ કાળથી જેમ છે તેમ, તેવો ને તેવો જ રહ્યો છે.

## સમજાય એક જ, કુદરત ને વ્યવસ્થિત

**પ્રશ્નકર્તા :** 'કુદરતી શક્તિ અને વ્યવસ્થિત શક્તિ' એ બે એક જ કે જુદું જુદું છે ?

**દાદાશ્રી :** કુદરતી શક્તિ એ તો તમે તમારી ભાષામાં સમજો ને ? કુદરતી શક્તિને હું શું કહું છું ? સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ. એ તમને ગુજરાતીમાં નહીં સમજાય, એટલા માટે મેં તમને 'વ્યવસ્થિત શક્તિ' આપી છે. બહુ ઝીણી વાત છે.

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિત અને કુદરત એમાં કંઈ તફાવત ખરો ?

**દાદાશ્રી :** કુદરતને જો એમ કુદરત કહું ને, તો સમજણ નહીં પડે લોકોને, અને કુદરત છે શું ખરેખર ? સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે. એ કુદરતનું ઈંગ્લિશ કરવા જઈએ તો આપણા લોક 'નેચર' કરે. ખરેખર નેચર નથી, એ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ છે. જેમ વરસાદ થયો તે 2H ને O ભેગા થાય ને વરસાદ વરસી જાય અને લોક કહે કે કુદરત વરસાવે છે. પણ કુદરત કહે તો લોકો દુરુપયોગ કરશે અને નેચર થઈ જશે. લોકો સમજતા નથી. એટલા માટે મેં જુદું કરેલું.

આ બધા સંયોગોથી બધું ફેરફાર થાય છે. આ સાયન્ટિફિક સંયોગોથી આ બધા ફેરફાર થયા કરે છે. આ ફેરફાર થાય છે તે વખતે કુદરતી શક્તિ કહેવાય છે. આ સૂર્યનારાયણની હાજરી, ઉનાળાનો તાપ અને નીચે દરિયો એ વરાળ ઉપર જયા જ કરે.

**પ્રશ્નકર્તા :** એ બધું કુદરત છે ?

**દાદાશ્રી :** કુદરતી. આ સંયોગો બધા ઊભા થાય. કોઈ કશું કરતું નથી. ઉનાળાના તાપની હાજરી જ, એનાથી વરાળ ઊભી થાય અને એ ઊભી થઈને પાછા ઉપર વાદળા બંધાય. પાછા સંયોગોથી વાદળા બંધાય અને સંયોગોથી ટાઈમ થાય ત્યારે અહીંયા આવે. તે પાછો વાયુ ખેંચી લાવે એટલે પંદરમી જૂન આવવાની થાય ને, ત્યારે વાયુ પશ્ચિમ તરફનો વહેતો હોય. તે વાદળોને જબરદસ્ત ખેંચ-ખેંચ કર્યા કરતો હોય. ખેંચીને લાવીને ઊભા રાખે અહીં વાદળા. ત્યારે આમના જેવા, આમણે કંઈ આ જમીન રાખી હોય બસો-ત્રણસો વીઘા. તે કહેશે, 'હવે આવશે વરસાદ.' તે કાળું વાદળ થયું હોય તોય પણ કલાકમાં ક્યાંય વેરવિખેર થઈ જાય ! બીજે દહાડે વાદળ જેવી વસ્તુ જ ના દેખાય ત્યારે આમના જેવા શું કહે ? આજે હવે તો વરસાદ આવે જ નહીં કે જાવ બૅટ (શરત) મારું. બૅટ મારવા તૈયાર થઈ જાય. આ તો કલાકમાં ક્યાંથીય આવીને પડે હડહડાટ ! આ બધું કુદરત છે.

## નિયતિ વ્યવસ્થિતનો અન્ય પર્યાય ?

**પ્રશ્નકર્તા :** મેં હમણાં એક પુસ્તક વાંચ્યું. એમાં જેને આપણે 'વ્યવસ્થિત' કહીએ છીએ. એને એ લોકો 'નિયતિ' કહે છે. એય કહે છે કે ઉપર ભગવાન જેવો કોઈ બાપોય છે જ નહીં. પણ નિયતિ શબ્દ વાપરે છે. તો નિયતિ અને વ્યવસ્થિત...

**દાદાશ્રી :** એમાં બહુ ફેર.

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિતને લોકો નિયતિ સમજી લે છે.

**દાદાશ્રી :** એ હું ના પાડું છું, નિયતિ નથી આ. આ વ્યવસ્થિત એ નિયતિ નથી.

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિત અને નિયતિ એ બેમાં ફેર શું છે ?

**દાદાશ્રી :** બહુ ફેર. નિયતિ તો પછી આ શરીર ઉપરથી માલિકીપણું ઊઠાવી લેવું પડે આપણે. પછી શરીર જે જે ક્રિયા કરે એ બધી નિયતિ. બિલકુલ માલિકીપણાના દાવા વગર, શરીર પછી ખાય-પીવે, વઢંવઢા કરે, મારંમારા કરે, તે બધું નિયતિ. માલિકીપણું હોય ત્યાં સુધી આવું ના કરે. તે નિયતિ નહીં, વ્યવસ્થિત છે એ તો.

**પ્રશ્નકર્તા :** નિયતિ અને વ્યવસ્થિત એની વચ્ચે બહુ ગડમથલ થાય છે, સમજાતું નથી બરાબર.

**દાદાશ્રી :** વ્યવસ્થિત છે તે બધા કૉઝિઝ ભેગા થાય, ત્યારે 'વ્યવસ્થિત' કહેવાય. નિયતિ એ એક જ કોઝ છે. એવા બીજા કૉઝિઝ ભેગા થાય ત્યારે વ્યવસ્થિત થાય.

**પ્રશ્નકર્તા :** નિયતિ માટે એમ કહે છે કે જે થવાનું છે તે થવાનું છે, બધાનું નિર્માણ થઈને આવ્યું છે. બરાબર ! વ્યવસ્થિત પણ એમ જ

કહે છે કે આપણે ચિંતા નહીં કરવાની, કુદરત કુદરતનું કામ કરશે.

**દાદાશ્રી :** ના, આ વ્યવસ્થિત એવું કહેતું જ નથી. વ્યવસ્થિત તો શું કહે છે ? થયા પછી, બની ગયા પછી 'વ્યવસ્થિત' કહો.

**પ્રશ્નકર્તા :** હા, પણ બન્યું એ તો યોગાનુબંધથી જ થવાનું છે.

**દાદાશ્રી :** હા. પણ વ્યવસ્થિત એટલે શું, થયા પછી કહો. ગજવું કપાતાં પહેલાં વ્યવસ્થિત બોલાય જ નહીં આપણાથી. એટલે ગજવું કપાયા પછી વ્યવસ્થિત કહેવાય. અને નિયતિ શું કહે છે કે કાર્યનું નિર્માણ થયેલું છે, પણ એવું નથી. બીજા એવા બધા સંયોગો ભેગા થાય ત્યારે કાર્ય થાય. નિયતિ થાય તો તો પછી એ તો થઈ રહ્યું ને, ખલાસ થઈ ગયું ને ! વ્યવસ્થિત તો બહુ સમજવાની વસ્તુ છે.

**પ્રશ્નકર્તા :** નિયતિ અને વ્યવસ્થિત, બન્ને વચ્ચે આમ શું તફાવત છે ? એનો વિશેષ ફોડ પાડશો ?

**દાદાશ્રી :** બહુ ફેર છે. વ્યવસ્થિત ચેન્જ થઈ શકે. વ્યવસ્થિત બદલાયા કરે. નિયતિ બદલાય નહીં, એક જ ધારી હોય. નિયતિ એટલે એક ડિસાઈડેડ પોલીસી, એ ત્રણેય કાળ એક જ જાતની પોલિસી, પોલિસીમાં ફેર નહીં.

### કુદરતની કેવી સુંદર ગોઠવણી !

**પ્રશ્નકર્તા :** નિયતિ ઉત્પન્ન કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** નિયતિ છે જ, કુદરતી રીતે નિયતિ જ છે. નિયતિ તો આ વહેણ છે બધું આ.... આ મનુષ્યો વહેણમાં ચાલી રહ્યા છે, પ્રવાહમાં. તે નિયતિના પ્રવાહમાં છે.

**પ્રશ્નકર્તા :** હવે નિયતિ જે છે, એ જીવને શું અસર કરે છે ?

**દાદાશ્રી :** એ તો કામ કર્યા જ કરે છે. નિરંતર એ બાજુ પ્રવાહમાં લઈ જ જાય છે.

**પ્રશ્નકર્તા :** નિયતિ એટલે પ્રવાહ. હવે 'પ્રવાહ એટલે શું !' એ સમજાવો.

**દાદાશ્રી :** ગાડી ઉપડે ને, તો દરેક સ્ટેશને એક્ઝેક્ટ એના ટાઈમમાં હોય, બધું હોય. એટલે મુંબઈ આવે ત્યારે એને નિયતિ કહેવાય. એ ડખોડખલ થઈ એટલે નિયતિ ઊડી. એટલે આ ગાડી નિયતિવાળી છે એવું કહે છે.

નિયતિ એટલે શું ? ત્યારે કહે, પ્રવાહ રૂપે જેમ આ નદી વહેતી હોય ને, તેમ વહ્યા જ કરવું, વહ્યા જ કરવું. તે આ જીવમાત્ર વહ્યા કરે છે.

આ જગત સ્વભાવથી ચાલી રહ્યું છે. દરેક વસ્તુ એના સ્વભાવમાં જ છે અને સ્વભાવની બહાર કશું ગયું નથી. ફક્ત આ વ્યવહાર જે છે, તે આખોય સમસરણ માર્ગ છે, અને તે સમસરણ માર્ગમાં આ જીવો આવેલા છે. એટલે ત્રણ ભાગ પાડ્યા છે. એક આ અવ્યવહાર રાશિ, બીજી વ્યવહાર રાશિ અને ત્રીજું સિદ્ધક્ષેત્ર !

અવ્યવહાર રાશિના જીવો અનંતા છે, વ્યવહારમાં આવ્યા છે એ જીવો પણ અનંતા છે. પણ આ વ્યવહારમાં મનુષ્યોને ગણવા હોય તો ગણી શકાય એવા છે. અને જે વ્યવહારથી મુક્ત થયા છે, સિદ્ધગતિવાળા છે તેય અનંત જીવો છે !

અવ્યવહાર રાશિના જીવો અહીં વ્યવહારમાં આવે છે. એમ માનો ને, પચાસ હજાર જીવો મોક્ષે ગયા તો બીજા પચાસ હજાર અવ્યવહાર રાશિમાંથી આવીને વ્યવહારરાશિમાં પ્રવેશ કરે, એટલે આ વ્યવહાર સરખો ને સરખો જ રહે છે.

વ્યવહારમાંથી જેટલા જીવો ત્યાં મોક્ષે જાય, સિદ્ધક્ષેત્રમાં જાય, એટલા જીવો અવ્યવહારમાંથી વ્યવહારમાં આવે છે. એટલે વ્યવહાર શેનું નામ

કહેવાય કે વ્યવહારમાં જેટલા જીવો છે, એમાં એક જીવ ક્યારેય ઓછો થતો નથી કે વધતો નથી, એનું નામ વ્યવહાર ! વ્યવહારમાં એક જીવ ઘટ-વધ થઈ જાય ને, તો આખી વ્યવસ્થા જ તૂટી જાય !

**પ્રશ્નકર્તા :** કાં તો એક જીવ ઘટી જાય ને કાં તો એક જીવ વધી જાય, તો શું થાય ?

**દાદાશ્રી :** કુદરતનું આખું પ્લાનિંગ જ તૂટી પડે ! આ સૂર્ય આજે ગેરહાજર થઈ ગયો હોય તો કાલે ચંદ્ર ગેરહાજર થઈ જાય, અગર તો કેટલાક તારાઓ પણ ના હોય, પછી કોઈક દહાડો ફલાણો ગ્રહ ના હોય. કારણ કે કહેશે, 'એ તો મોક્ષે ગયા,' તો અહીં અંધારું ઘોર થઈ જાય ! એટલે એક જીવ વધ-ઘટ થાય તો આખું પ્લાનિંગ જ તૂટી જાય. પણ આ બધી પૂરી ડીઝાઈન, બધું એક્ઝેક્ટ રહેવાનું.

સૂર્ય-ચંદ્ર-તારા હજી અબજો વર્ષો પછીય આવા ને આવા જ દેખાશે. એનો એ જ શનિનો ગ્રહ ને એનો એ જ શુક્રનો ગ્રહ, પણ મહીંથી જીવ બદલાયા કરે. ફક્ત ખોખાં તેના તે જ રહે, બિંબ રહેવાના અને મહીંલો જીવ ચ્યવીને બીજી જગ્યાએ જાય. સૂર્યનારાયણેય ચ્યવવાના ને બીજા જીવોય ચ્યવવાના. પણ એ ચ્યવીને જાય તે ઘડીએ જ બીજો જીવ ત્યાં એની જગ્યાએ આવી જાય, એનું નામ 'વ્યવસ્થિત' ! એ કેવી સુંદર ગોઠવણી છે ! ત્રણ વાગીને ત્રણ મિનિટે પેલો જીવ આવી જાય, તે ઘડીએ જ પેલાનું નીકળવાનું થાય. હા, નહિ તો આપણને ખબર પડી જાય કે આમ કેમ 'અંધારું' થઈ ગયું આ ? પણ આવું કશું થાય નહિ. એટલે એક જીવ આઘોપાછો ના થાય અને બધા એકેએક જીવ પોતપોતાની 'સર્વિસ'માં રહેવાના !

## સમસરણ માર્ગે કુદરતી 'જીવની પ્રગતિ'

**પ્રશ્નકર્તા :** આપ સમસરણ માર્ગ વિશે વધુ કહો ને !

**દાદાશ્રી :** સંસાર એ સમસરણ માર્ગ છે. એ બહુ લાંબો માર્ગ છે. એટલે ગયા અવતારમાં તમે ચાલ્યા કરો છો, આ અવતારમાં તમે ચાલ્યા કરો છો. એ માર્ગ ઉપર જેવું જ્ઞાન તમે જુઓ છો, તેવા જ્ઞાન પર તમને શ્રદ્ધા બેસે છે. એ શ્રદ્ધાનું રૂપક આવે છે. બીજા અવતારમાં બીજા પ્રકારનું જ્ઞાન મળે છે ને રૂપક પાછલાં અવતારના જ્ઞાનનું આવે છે !

જ્ઞાને કરીને સમજણ પડે ને, ત્યારે અવસ્થા બદલાય તેમ વ્યવસ્થિત બદલાય. જેટલી સમજણ પડે એટલું, જેમ અવસ્થા બદલાતી જાય તેમ વ્યવસ્થિત બદલાતું જાય. અને નિયતિ તો તેની તે જ, સમધારણ, એક સરખી જ વહ્યા કરે.

સમસરણ માર્ગ એટલે શું ? નિરંતર વહેતો. વહેતો એટલે નિયતિના આધારે વહેતો. અને નિયતિમાં ફેરફાર ના થાય, વ્યવસ્થિતમાં ફેરફાર થાય.

જે જીવો સમસરણ માર્ગ કરતા કરતા આવ્યા અને જેમના નામ પડ્યા, એટલે જેને નામરૂપ ઊભું થયું ત્યાંથી એ વ્યવહારમાં આવી ગયા કહેવાય કે 'ભઈ, આ તો ડુંગળી, આ તો ગુલાબ, આ ચોખાનો દાણો, આ લીલ છે.' ઠેઠ મોક્ષે જતાં સુધી અવસ્થાઓ નિરંતર બદલાયા જ કરે છે અને 'ડેવલપમેન્ટ' ચાલુ જ રહ્યા કરે છે.

**પ્રશ્નકર્તા :** તો નિગોદમાંથી જીવ એકેન્દ્રિયમાં આવે, પછી એની પ્રગતિ કેવી રીતે થાય ?

**દાદાશ્રી :** એની મેળે જ, સહજ, સ્વાભાવિક રીતે જ થયા કરવાની. એ વ્યવસ્થિતના નિયમથી બધું થયા જ કરવાનું. ફક્ત અહીં હિન્દુસ્તાનમાં આવ્યા પછી એ વ્યવસ્થિતને નિયતિ જ કહેત, જો કદિ વ્યવસ્થિત કાયમ વ્યવસ્થિત જ રહેતું હોત તો એ નિયતિ કહેવાત. એ કાયમ વ્યવસ્થિત નથી રહેતું. આ હિન્દુસ્તાનમાં આવ્યા પછી અહીંથી બધા વિચારો ફરે છે અને પછી આમ ચાર ગતિઓમાં જાય છે. એટલે 'વ્યવસ્થિત' કહેવું પડ્યું. બધા

કારણો ભેગા થાય ત્યારે વ્યવસ્થિત થાય, નહીં તો નિયતિ જ કહેવાય.

નિયતિ એટલે એની મેળે પદ્ધતસર કુદરત જ એને લઈ જાય ઠેઠ મોક્ષે. કુદરતી રીતે જ એકેન્દ્રિય થાય, બે ઈન્દ્રિય થાય, ત્રણ ઈન્દ્રિય થાય. પણ આ હિન્દુસ્તાનમાં મનુષ્યો માટે ચાર ગતિ છે.

**પ્રશ્નકર્તા :** કારણ કે ડેવલપમેન્ટ અહીં વધારે છે.

**દાદાશ્રી :** અહીં તો ઊંધી ગતિ બાંધતા વાર જ ના લાગે ને ! દાનત જ ઊંધી ગતિની ને ! એ તો ત્યાં આગળ નિયતિ શું કરે બિચારી ?

**પ્રશ્નકર્તા :** આ તો જે સંસારની અંદર પરિભ્રમણમાં આપણે કોઈપણ એક આત્મા લઈએ, એક આત્મા નિગોદમાંથી નીકળ્યો તો શું લઈને નીકળ્યો ? પછી નીકળ્યો ત્યારે તો એનું બધું લઈને નીકળ્યો હોય, પહેલેથી જ એનું બધું નક્કી જ હોય, નિશ્ચિત ?

**દાદાશ્રી :** ના, એ નક્કી ના હોય. નક્કી હોય તો તો નિયતિ કહેવાય. નિગોદમાંથી નીકળ્યો ત્યાર પછી આ જીવોને આગળ લઈ જવામાં નિયતિની શક્તિ છે. એનાથી આ પ્રવહન થયા કરે છે. તે નામ પડ્યું ત્યારથી વ્યવહાર રાશિમાં આવ્યો. તે વ્યવહારમાંથી ધીમે ધીમે ધીમે પ્રગતિ કરતો કરતો, તે નિયતિ જ કરાવડાવે છે. નિયતિ જ કામ કરે છે. પણ ફક્ત અહીં મનુષ્યમાં આવ્યા પછી છે તે અહંકાર ઊભો થાય છે.

**પ્રશ્નકર્તા :** તો નિગોદમાંથી નીકળે ત્યારે શું હોય ? કંઈ ન હોય ?

**દાદાશ્રી :** કશું જ નહીં. અહંકાર-બહંકાર કશું ના હોય. આ બધા નર્યા ગુલાબ છે, બટાકા છે, પછી બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય એમ થતાં થતાં બધા જીવો ડેવલપ થાય છે.

**પ્રશ્નકર્તા :** એ બધા શુદ્ધાત્મા છે ?

**દાદાશ્રી :** એ શુદ્ધાત્મા જ છે. શુદ્ધ, પણ ગુલાબને, એને પોતાને ભાન નથી. પણ એ ગુલાબમાંથી એને કશું પુરુષાર્થ કરવો ના પડે. એની મેળે આગળ વધ્યા જ કરે. એ નિયતિ જ આગળ વધારે.

**પ્રશ્નકર્તા :** પણ નિગોદમાંથી નીકળવાનું મન કેમ થયું ?

**દાદાશ્રી :** મન થવાનું હતું જ નહીં. મન જ ન્હોતું ત્યાં આગળ. મન તો આ મનુષ્યમાં આવ્યા ત્યારે જ મન થયું. આ બીજા પાંચ ઈન્દ્રિયોવાળામાં આવ્યા ને, તે પાંચ ઈન્દ્રિયોવાળા જીવોમાં મનુષ્યો સિવાય જે બીજા છે, એમનું લિમિટેડ મન છે અને આ મનુષ્યોને છે તે અન્‌લિમિટેડ મન છે. અને મન આવ્યું એટલે બીજા કર્મો ભેગા થયા. તેય પાછું છે તે જેને જેવા જેવા સંજોગો મળ્યા તેવા, જો વિપરીત સંજોગો મળે, એટલે એને જો કુસંગ મળે ત્યારે ઊંધો ચાલે, ત્યારે નર્કગતિમાં જાય. સત્સંગ મળે ત્યારે છતો ચાલે, ત્યારે દેવગતિમાં જાય. મનુષ્યમાં આવ્યા પછી છે તે અહંકાર ઊભો થયો કે આ નર્કગતિમાં હઉ જઈ આવે. સાતેય નર્કમાં ભોગવી આવે, પોતાની સ્વતંત્રતા ઉત્પન્ન થઈને. જ્યારે નિયતિમાં સ્વતંત્રતા ના હોય, કોઈ કર્મ કરવાનો પોતાને સ્વતંત્ર રાઈટ ના હોય.

નિયતિ કુદરતી પ્રવાહ છે. આ જીવમાત્ર પ્રવાહમાં જ છે નિરંતર, એ પરિવર્તન થયા જ કરે, અને એ જો વચ્ચે ડખલ ના હોત ને, તો મોક્ષે સીધું લઈ જાત. પણ આ તો ચાલુ પ્રવાહમાં પોતે ડખલ કરી.

**પ્રશ્નકર્તા :** એ ડખોડખલ કરવાની સત્તા કોની ?

**દાદાશ્રી :** અહંકારની.

**પ્રશ્નકર્તા :** પણ એને આ નિયતિમાં ડખો કરવાનું કેમ મન થયું ?

**દાદાશ્રી :** આ જોઈને બધું. લોકોને ડખો કરતાં જોયા એટલે પછી 'હુંય આવું કરું', કહેશે.

## લોકસંજ્ઞાએ ફસાયો અહંકાર

**પ્રશ્નકર્તા :** જીવ વ્યવહારરાશિમાં આવ્યો, તે પછી મોક્ષે જ જવાનો ? તો એનો સમય પણ નક્કી જ હશે ને કે અમુક જન્મો લેશે ને પછી મોક્ષે જશે ? મોક્ષે જવાની સમયમર્યાદા નક્કી હશે ?

**દાદાશ્રી :** જીવ વ્યવહારરાશિમાં આવે ને, ત્યારથી જ મોક્ષે જવાની તૈયારી થઈ ગઈ.

**પ્રશ્નકર્તા :** પણ એનો સમય નક્કી હશે ને ?

**દાદાશ્રી :** સમય નક્કી ખરો, પણ મનુષ્યમાં આવ્યા પછી અહંકાર ન કરે તો સમય નક્કી. અહંકાર કરે તો ત્યાંથી પાછો પડે, પછી ઠેકાણું નહિ. અહંકારમાં પાછો ફર્યો પછી ઠેકાણું નહિ, કેટલાય ભવ સુધી રખડે પછી તો ! એટલે અહંકાર ના કરે તો સમય નક્કી છે. આ જાનવરોની પેઠ રહે ને, જાનવરો જેમ રહે છે એવી રીતે બધાની જોડે રહે ને, એટલે કે માન-તાન, અહંકારની ભાંજગડ નહિ, લોભની ભાંજગડ નહિ, તો સીધો મોક્ષે ચાલ્યો જાય. પણ આ લોકો જાનવર જેવું નથી રહેતા ને !

**પ્રશ્નકર્તા :** મનુષ્યમાં આવ્યા પછી જાનવર જેવું શી રીતે રહેવાય ?

**દાદાશ્રી :** મારું કહેવાનું કે આ જાનવરો જેવી રીતે રહે છે ને, એવું જીવન જીવે તો મોક્ષે જતો રહે. પણ આ બીજા લોકોનું દેખીને એ પણ એવો થઈ જાય છે. 'આમણે આવું કર્યું ને હું આવો છું' એટલે એનો આ અહંકાર બધો છે, કે 'હું આ કરી લઉં ને હું તે કરી લઉં !' તે પછી એમ કરતાં કરતાં બધું બગડે છે !

એટલે આ જગત તો આવું ને આવું જ રહેવાનું, કાયમને માટે આવું જ રહેવાનું. તેમાંથી નિયમથી મોક્ષે જયા કરશે !

## 'ડેવલપમેન્ટ' માટે કુદરતના નિયમો

**પ્રશ્નકર્તા :** પણ આગળ વધવા માટે અહંકારની જરૂર તો ખરી ને ?

**દાદાશ્રી :** એ અહંકાર તો એની મેળે હોય જ. અહંકાર આપણો રાખ્યો રહે નહીં. આવીને પેસી જ જાય !

**પ્રશ્નકર્તા :** માનસશાસ્ત્રમાં એવું લખ્યું છે કે ડેવલપમેન્ટ' માટે થોડા-ઘણા અહંકારની જરૂર ખરી, એ ખરું છે ?

**દાદાશ્રી :** એ તો કુદરતી હોય જ. 'ડેવલપમેન્ટ' માટે કુદરતનો નિયમ જ છે કે અહંકાર ઊભો થાય ને પોતે 'ડેવલપ' થયા કરે. એમ કરતું કરતું 'ડેવલપમેન્ટ' પૂરું થવાનું થાય, ત્યારે હિન્દુસ્તાનમાં આવે. ત્યાર પછી એ 'ડેવલપમેન્ટ'ની બહુ જરૂર રહી નહીં. એને મોક્ષનો માર્ગ મળી જાય.

**પ્રશ્નકર્તા :** તો પછી જીવે કંઈ કરવા જેવું ખરું કે નહીં ?

**દાદાશ્રી :** કશું કરવા જેવું હતું જ નહીં. પણ આ બુદ્ધિ ઊભી થઈને એટલે અહંકાર ઊભો થાય છે અને અહંકાર ઊભો થાય છે તે આ ડખલ કરે છે. જો બુદ્ધિ ના વપરાય તો કલ્યાણ થઈ જાય, પણ બુદ્ધિ વપરાયા વગર રહે નહીં ને ! કારણ કે બુદ્ધિ છે એ તો. આ મારા જેવાને બુદ્ધિ જતી રહી હોય ત્યાર પછી વાંધો નહીં. તે પ્રવાહમાં જ આવ્યો. પ્રવાહ એટલે ઉદય કર્મને આધીન. ઉદય કર્મને આધીન એકલું જ રહેવું એનું નામ પ્રવાહમાં. એ મોક્ષે જાય સીધો. પણ ઉદય કર્મને આધીન થઈને રહેતો નથી ને, પોતે સળી કરે પાછો. એ

પ્રવાહ જે છે તે નિયતિનો છે, એટલે આ મારામાં બુદ્ધિ જતી રહી એટલે હવે મારે મોક્ષે ના જવું હોય તોય જવું પડે.

**પ્રશ્નકર્તા :** તો નિયતિ એ ઊંચે જ લઈ જાય કે નીચે પણ લઈ જાય ?

**દાદાશ્રી :** ના, નિયતિ નીચે લઈ જતી નથી. એ તો અહંકારની ડખલ છે બધી. નિયતિ તો આગળ જ લઈ જાય.

**પ્રશ્નકર્તા :** પણ નિયતિ એટલે કર્મની નિર્જરાને ?

**દાદાશ્રી :** ના, નિયતિ તો એને આગળ લઈ જાય એટલું જ. કર્મ કરાવડાવે એ અને ભોગવડાવે, નિર્જરાય કરાવડાવે એ. પણ આપણી ડખલ ના હોય તો. આ તો આપણી પાકી ડખલ, હું કમાયો. આ વર્લ્ડમાં કોઈ કમાયેલો ખરો ? સંડાસ જવાની શક્તિ હશે કોઈને આ દુનિયામાં ? એ ડખલ કરી.

નિયતિ જ બધું કામ કરી રહી છે. સવારમાં ઊઠાડે છે તે નિયતિ, ઊંઘાડે તે નિયતિ. બધું નિયતિ જ કરી રહી છે.

## નિયતિમાં નથી પુરુષાર્થ

**પ્રશ્નકર્તા :** પુરુષાર્થ નિયતિ દ્વારા નિશ્ચિત થયેલો જ છે કે કેમ ?

**દાદાશ્રી :** નિયતિ દ્વારા નિશ્ચિત થયેલો પુરુષાર્થ તો છે જ. એની કંઈ ભૂલ નથી પણ તે પાછું નિયતિ શું છે, એને એક્ઝેક્ટ સમજવું પડે. નિયતિ શબ્દ બોલવાથી કંઈ સમજાયું કહેવાય નહીં. 'નિયતિ શું છે' એ સમજવું જોઈએ.

જીવો નિરંતર મોક્ષ તરફ વહ્યા જ કરે છે. તેમાં પુરુષાર્થ નિયતિના દ્વારા નિશ્ચિત થયેલો છે. એ વાતમાં તો ભૂલ નથી, પણ મનુષ્યમાં પુરુષાર્થ ઊંધો કરવાની પણ શક્તિ છે જ. મનુષ્ય જન્મમાં અહંકાર છે ને, તે અહંકારની વચ્ચે ફાચર ના હોત, તો તો વાંધો નહોતો. પણ ઈગોઈઝમ છે ને, એટલે નિયતિનેય ફેરવી નાખે છે. મનુષ્ય સિવાય બીજા બધા નિયતિમાં છે. મનુષ્યો એકલા માટે નિયતિમાં પુરુષાર્થ નથી.

**પ્રશ્નકર્તા :** મનુષ્યમાં પુરુષાર્થ નિયતિ દ્વારા નક્કી થયેલો નથી એમ આપ કહો છો ?

**દાદાશ્રી :** નક્કી થયેલો છે. પણ પોતે અહંકારી છે ને એટલે પાછો ઈગોઈઝમ કરે છે. ઈગોઈઝમ નિયતિના વિરૂદ્ધ છે. નિયતિમાં ઈગોઈઝમ સંભવે નહીં. આ ઈગોઈઝમ કરે છે, એવું આપને જોવામાં આવે છે કોઈ જગ્યાએ ?

**પ્રશ્નકર્તા :** અહમ્ તો વ્યાપેલો જ છે ને બધે !

**દાદાશ્રી :** ના, એ મનુષ્યો એકલામાં જ છે. બીજી જગ્યાએ અહમ્ નથી. બીજે જે અહમ્ દેખાય છે, એ ડિસ્ચાર્જ અહમ્ છે અને અહીં તો ચાર્જ ને ડિસ્ચાર્જ બન્ને અહંકાર દેખાય છે. અહીં આગળ મનુષ્યમાં કર્મ બાંધી શકે છે, એ ચાર્જ અહંકાર છે. અને જે એનું ફળ ભોગવવું પડે છે તે ડિસ્ચાર્જ અહંકાર છે. અને મનુષ્ય સિવાય બીજી ઈતર યોનિઓમાં બધા ત્યાં આગળ ડિસ્ચાર્જ અહંકાર છે. અહીં ચાર્જ ને ડિસ્ચાર્જ બન્ને અહંકાર છે. એ બન્ને અહંકાર જાય તો મુક્તિ થાય.

**પ્રશ્નકર્તા :** અહમ્ કાઢે તો ફેરવી શકે છે એમ નક્કી થયું ને ?

**દાદાશ્રી :** હા, અહમ્ કાઢે તો ફેરવી શકે છે. બધું ફેરવી શકે.

**પ્રશ્નકર્તા :** અહમ્ એવી રીતે નક્કી થયેલો છે કે અહમેય એના ટાઈમે જ જાય ?

**દાદાશ્રી :** ના, એવું નથી. એના જો સંજોગો ભેગા થઈ જાય, સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ

એવિડન્સ, જેમ કે આ તમે મને ભેગા થઈ ગયા, તો હું તમને તમારો અહંકાર દૂર કરી આપું એક કલાકમાં જ, એટલે સંજોગો અનુસાર છે. સંજોગો ભેગા થઈ જાય તો કામ થઈ જાય. પુરુષાર્થ એનો, પુરુષ થયા પછી રિયલ પુરુષાર્થ ઉત્પન્ન થાય. ઈગોઈઝમ જાય તો, અમુક હદ સુધીનો ઈગોઈઝમ ચાલ્યો જાય, જે ઈગોઈઝમ ઓબસ્ટ્રક્ટ (અવરોધ) કરતો હોય કોઈને, એવો ઈગોઈઝમ ચાલ્યો જાય ત્યારે રિયલ પુરુષાર્થ ચાલુ થઈ જાય છે.

બધા સંયોગો જ એને કરાવડાવે છે. પોતાના હાથમાં સત્તા નથી, છતાં પોતે કહે છે કે 'હું કરું છું.' હવે જો હુંપણું ના હોત તો કર્તાભાવ ના હોત. 'હું કરું છું' એવું ભાન, એવો અહંકાર ના હોત તો નિયતિ લઈ જાત મોક્ષે.

## જીવોનું ઊર્ધ્વગમન, કુદરતી સંચાલન

**પ્રશ્નકર્તા :** જીવ કયા પુરુષાર્થથી ઊંચે આવ્યો છે ?

**દાદાશ્રી :** એ તમને સમજાવું. આ આપણે ત્યાં નર્મદા નદી છે, તે પથ્થરની ભેખડોમાંય વહે છે ને માટીની ભેખડમાંય વહે છે. જ્યાં પથ્થરની ભેખડ હોય ત્યાં પાણી બહુ જોશબંધ વહે ને પથ્થરોની ધાર હઉ તોડે. પછી નદીમાં કોઈ આવડો પથરો પડે, કોઈ આવડો પથરો પડે. તે વખતનો પથરાનો ખૂણો જો વાગે ને, તો લોહી નીકળે એવો હોય. કારણ કે તાજા તૂટીને પડેલા પથરાઓ ધારવાળા હોય. તે આ જીવોનો પુરુષાર્થ શું તે તમને સમજાવું. આ નદીનો સ્વભાવ કેવો કે એ પથરાઓને વહેણમાં આમ ખેંચીને તેમ ખેંચી જાય. એમ ચાલ્યા જ કરે. તે પથરા પછી મહીંના મહીં ટકરાયા કરે, ટકરાયા કરે. એટલે દસ-પંદર માઈલ જાય ત્યારે સુંવાળા લાગે, લીસા લાગે, ઘસીને તૈયાર કર્યા હોય તેવા મારબલ જેવા લાગે. પણ તોય તે ખૂણા-ખાંચાવાળા હોય. પછી અહીં ભાડભૂજ આગળ થતા થતા એવા ગોળ થઈ જાય કે એને ત્યાં આગળ જાત્રામાં શું કહે છે ? 'ભઈ, ઘેર દર્શન કરવા હારુ શાલિગ્રામ લેતા આવજો.' તે ગોળ થઈ ગયેલા પથ્થર હોય તેને લોક દર્શન કરે. તેવી જ રીતે આ જીવમાત્ર ઘસડાયા જ કરે છે. કુદરત ઘસડે છે ને અથડાય છે, આથડઆથડ કરતા ગોળ થાય છે !

**પ્રશ્નકર્તા :** તો પછી કશું જ કરવાનું નહીં ?

**દાદાશ્રી :** કશું જ કરવાનું નહીં. ભમરડો શું કરે છે તે ? ઝાડે ફરવાની સત્તા નથી, ત્યાં તે શું કરે ? જે પથરા અથડાતા અથડાતા ગોળ થાય છે ત્યારે લોકો એને શાલિગ્રામ કહીને મંદિરમાં મૂકે છે ! જેટલા શાલિગ્રામ થઈ ગયા તેટલા પૂજામાં બેઠા અને બીજા દરિયામાં પડ્યા ! તે એવું અહીં આગળ હિન્દુસ્તાનમાં જન્મ્યા પછી પથરો ગોળ થયેલો હોય છે અને જો 'જ્ઞાની પુરુષ' મળી ગયા અને સમકિત થઈ ગયું તો એ પૂજાયા અને બીજા બધા ગયા દરિયામાં ! સમકિત થયા વગર કોઈ પુરુષાર્થ નથી. સમકિત થતા સુધીની બધી જ સકામ નિર્જરા છે. આ લોક માને છે એ પુરુષાર્થ તો ભ્રાંતિનો છે. ભ્રાંતિનો પુરુષાર્થ એટલે ફરી અવતાર લેવો પડે એવો.

આ તમને જે માર્ગ બતાવ્યો કે ક્યાંથી પથરા પડે છે તે વ્યવહારની આદિ છે. અવ્યવહારની આદિ જ નથી, એ તો અનાદિ છે. પણ વ્યવહારની આદિ અહીંથી થાય છે. પથરા પડ્યા નદીમાં ત્યાંથી. અવ્યવહાર રાશિ એટલે જ્યાં હજી જીવનું નામ પણ પડ્યું નથી તે. અને જ્યાંથી નામ પડ્યું કે આ ગુલાબ, આ મોગરો, આ કીડી, મંકોડો... તે બધા જીવો વ્યવહાર રાશિમાં આવ્યા. કુદરતી રીતે ધક્કા ખાઈ ખાઈને આગળ આવે છે. છેક ટૂંડું આવતા સુધી કુદરતી સંચાલન છે.

**પ્રશ્નકર્તા :** આ 'રિલેટિવ' પ્રગતિનું 'બેઝમેન્ટ' શું છે ?

**દાદાશ્રી :** બધું જ કુદરત કરાવે છે. કાળ ફરે તેમ દ્રવ્ય ફરે, દ્રવ્ય ફરે તેમ ભાવ ફરે અને પોતે 'ઈગોઈઝમ કરે કે 'મેં કર્યું' ! આ 'ઈગોઈઝમ' પણ કુદરત કરાવે છે. અને જે આ 'ઈગોઈઝમ'માંથી છૂટ્યો એ આમાંથી છૂટ્યો. આ પ્રગતિ કુદરત કરાવડાવે છે, બાકી જેટલા શબ્દપ્રયોગ છે એ બધો 'ઈગોઈઝમ' છે.

## અહંકારની ડખલથી દુઃખ વહોર્યાં

રાત્રે હાંડવો પેટમાં નાખીને સૂઈ જાય છે ને ? પછી નસકોરાં ઘરડ-ઘરડ બોલાવે છે ! મેર ચક્કર, મહીં તપાસ કરને શું ચાલે છે તે ? ત્યારે કહે, 'એમાં મી કાય કરું ?' અને કુદરતનું કેવું છે ? પેટમાં પાચક રસ, 'બાઈલ' પડે છે, બીજું પડે છે અને સવારે 'બ્લડ' 'બ્લડ'ની જગ્યાએ, 'યુરિન' 'યુરિન'ની જગ્યાએ, 'સંડાસ' 'સંડાસ'ના ઠેકાણે પહોંચી જાય છે. કેવી પદ્ધતિસરની સુંદર વ્યવસ્થા કરેલી છે ! કુદરત કેવડું મોટું અંદર કામ કરે છે ! જો ડૉક્ટરને એક દહાડો આ અંદરનું પચાવવાનું સોંપ્યું હોય તો એ માણસને મારી નાખે ! અંદરનું પાચકરસ નાખવાનું, 'બાઈલ' નાખવાનું, બધું ડૉક્ટરને સોંપ્યું હોય તો ડૉક્ટર શું કરે ? ભૂખ નથી લાગતી માટે આજે જરા પાચક રસો વધારે નાખવા દો. હવે કુદરતનો નિયમ કેવો છે કે પાચક રસો ઠેઠ મરતા સુધી પહોંચી વળે એવા પ્રમાણથી નાખે છે. હવે આ તે દહાડે, રવિવારને દહાડે પાચક રસ વધારે નાખી દે એટલે બુધવારે મહીં બિલકુલ પચે જ નહીં ! બુધવારનું પ્રમાણેય રવિવારે નાખી દીધું !

કુદરતના હાથમાં કેવી સરસ બાજી છે ! અને તમારા હાથમાં એક ધંધો આવ્યો, અને તેય ધંધો તમારા હાથમાં તો નથી જ, તમે ખાલી માની બેઠા છો કે હું ધંધો કરું છું ! તે ખોટી હાયવોય હાયવોય કરો છો ! દાદરથી સેન્ટ્રલ ટેક્સીમાં જવાનું થયું, તે મનમાં અથડાશે-અથડાશે કરીને ભડકી મરે ! અલ્યા, કોઈ બાપોય અથડાવાનો નથી, તું તારી મેળે આગળ જોઈને ચાલ ! તારી ફરજ કેટલી ? તારે આગળ જોઈને ચાલવાનું એટલું જ. ખરી રીતે તો તેય તારી ફરજ નથી. કુદરત તારી પાસે એ પણ કરાવડાવે છે. પણ આગળ જોતો નથી ને ડખો કરે છે. કુદરત તો એવી સરસ છે ! આ અંદર આટલું મોટું કારખાનું ચાલે છે, તો બહાર નહીં ચાલે ? બહાર તો કશું ચલાવવાનું છે જ નહીં. શું ચલાવવાનું છે ?

**પ્રશ્નકર્તા :** કોઈ જીવ ઊંધું કરે તો તેય એના હાથમાં સત્તા નથી ?

**દાદાશ્રી :** ના, સત્તા નથી, પણ ઊંધું થાય એવુંય નથી, પણ એણે અવળા-સવળા ભાવ કર્યા તેથી આ ઊંધું થઈ ગયું. પોતે કુદરતના આ સંચાલનમાં ડખો કર્યો છે, નહીં તો આ કાગડા, કૂતરાં આ જનાવરો કેવા ? દવાખાનું ના જોઈએ, કોર્ટો ના જોઈએ, એ લોકો ઝઘડા કેવા પતાવી દે છે ? બે આખલાઓ લઢે, ખૂબ લઢે, પણ પછી છૂટ્યા પછી એ કંઈ કોર્ટ ખોળવા જાય છે ? બીજે દહાડે જોઈએ તો નિરાંતે બંને ફરતા હોય ! અને આ અક્કરમીઓને કોર્ટો હોય, દવાખાના હોય તોય એ દુઃખી, દુઃખી ને દુઃખી ! આ લોક રોજ રોદણાં રડતાં હોય. આમને અક્કરમી કહેવાય કે સક્કરમી કહેવાય ? આ ચકલો, કાબર, કૂતરાં બધાં કેવાં રૂપાળાં દેખાય છે ! એ કંઈ શિયાળામાં વસાણું ખાતાં હશે ? અને આ અક્કરમી વસાણું ખાઈનેય રૂપાળા દેખાતા નથી, કદરૂપા દેખાય છે. આ અહંકારને લઈને રૂપાળો માણસેય કદરૂપો દેખાય છે. માટે કંઈક ભૂલ રહે છે, એવો વિચાર નહીં કરવાનો ?

**પ્રશ્નકર્તા :** અમારી બધી શક્તિઓ આવરાવાનું મુખ્ય કારણ અહંકાર જ છે ?

**દાદાશ્રી :** અહંકારને લઈને જ બધી શક્તિઓ

વેડફાઈ ગઈ છે ને ! આંધળો હોય હંમેશાંય. હવે પાછા અહંકારના ભાગ પાડીએ કે ભાઈ, આ અહંકાર તો કયા વિષયમાં ? આને લોભમાં અહંકાર વધારે છે, આને માનમાં અહંકાર વધારે છે, એવું બધા અહંકાર. એટલે આ અહંકાર જ આંતરે છે. આ બધી ભાંજગડ જ અહંકારની છે. એ અહંકાર શૂન્ય કરવાની જરૂર છે.

કુદરતનો કાયદો છે કે જ્યાં જેટલો અહંકાર ઓછો ત્યાં તેટલું સરળતાથી આવે. આ બાળક સરળ હોય એટલે એને જે જે જોઈએ તે મળે છે. અહંકારથી જ ભગવાન જોડે ભેદ પડે છે. જેટલો અહંકાર ગયો તેટલો ભગવાન જોડે અભેદ થયો. કુદરતનો કાયદો છે કે જ્યાં 'હું કંઈક છું' એમ થયું કે ભગવાનથી જુદો પડ્યો.

આ મનુષ્યો અહંકાર કરે ને કુદરત એને ફટકા મારીને ઊતારી પાડે. કુદરત કહે છે, 'કરું છું હું ને તું શેના અહંકાર કરે છે ?'

## સર્જન અહંકારનું, વિસર્જન કુદરતનું

**પ્રશ્નકર્તા :** 'અહંકાર કર્મ બાંધે છે ને કુદરત તેને છોડે છે' આ સમજાવો.

**દાદાશ્રી :** કર્મ પુદ્‌ગલેય નથી કરતું અને આત્માય નથી કરતો. જો પુદ્‌ગલ કર્મ કરતું હોય તો આ જ્ઞાની પુરુષનુંય પુદ્‌ગલ કર્મ કરી શકે અને આત્મા કર્મ કરતો હોય તો એમનામાં આત્માય છે, પણ કર્મ એ નથી કરતો. કર્મ અહંકાર કરે છે. જ્યાં સુધી અહંકાર છે ત્યાં સુધી કર્મ બંધાશે. અહંકાર ગયો એટલે કર્મનો કર્તા ગયો એટલે કર્મ ગયા. કર્મ બાંધ્યા પછી કુદરત, 'વ્યવસ્થિત શક્તિ' એને છોડાવે છે. તું ખાઉં ખરો પણ વિસર્જન ? વિસર્જન વ્યવસ્થિતના હાથમાં છે. તેં ખરાબ ખાધું તો છેવટે મરડો કરીનેય પણ કાઢવું જ પડે ને ? વ્યવસ્થિતને તો છૂટકો છે ?

'વ્યવસ્થિત' એટલે કાંઈ છાપેલી વસ્તુ નથી. તમે જેવા પરિણામ કરો તેવું જ 'વ્યવસ્થિત' ગોઠવાયેલું હોય છે. 'વ્યવસ્થિત' પોતાના પરિણામ ઉપર આધાર રાખે છે. પોતાના પરિણામનો આમ સીધો બદલો નથી મળતો પણ એ 'કુદરત'માં જાય ને તેમાં બીજા સંયોગો ભળે, ને કુદરત ભળતાં જે પ્રમાણ થાય, જે રંગ-રૂપ થાય તેવું રૂપક આવે.

કુદરત એ આપણો જ ફોટો છે. કુદરત વાંકી નથી, તમે વાંકા છો !

સર્જન કરવું એ 'તમારી' સત્તા છે. વિસર્જન કરવું એ 'કુદરત'ની સત્તા છે. માટે સર્જન કરવું હોય તો સવળું કરજો. 'તમારું' સર્જન કરેલું, તે વિસર્જન કર્યા વગર કુદરત છોડે જ નહીં !

આખું જગત જે જે કરે છે તે બધું કુદરતી વિસર્જન જ છે. પછી જપ કરો, તપ કરો, બધું કુદરતી વિસર્જન છે. ફૂલ ચઢાવે છે, તેનો ઉપકાર શો ? અને ગજવું કાપે, તેનો અપકાર શો ? સર્જનમાં પોતે નિમિત્ત હોય છે ને વિસર્જન તો કુદરત જ કરે છે. આ વીતરાગોની છેલ્લામાં છેલ્લી દૃષ્ટિ છે !

**પ્રશ્નકર્તા :** કુદરત ક્યારેય પણ પરફેક્ટ નથી, ઈમ્પરફેક્ટ (અપરિપૂર્ણ) છે એવું કહેવામાં આવે છે.

**દાદાશ્રી :** કુદરત પરફેક્ટ છે, માટે નિરંતર ચેન્જ થયા કરે છે. જો ઈમ્પરફેક્ટ હોય ને, તો ચેન્જ ના થાય. જીવમાત્રને શાંતિમાં રાખવા માટે અને એમને ડેવલપ કરવા માટે નેચર નિરંતર ચેન્જ થયા જ કરે છે. નેચર જો સહેજ અટકે ને, તો એ નેચર ડેવલપ નથી. એ સહેજે અટકી નથી, સહેજ અટકશે નહીં, એનું નિરંતર પરિવર્તન થયા જ કરે. નેચર તો એટલી બધી પરફેક્ટ છે કે આફ્રિકાના જંગલમાં બધે ધોધમાર વરસાદ પડતો હોય અને ઈન્ડિયામાંય વરસાદ પડવાનો, પણ ત્રીજી સાલ દુકાળ પડ્યા વગર રહે નહીં. કારણ કે જ્યાં

ઈગોઈઝમવાળા લોક છે, ત્યાં આગળ નેચર એનો કંટ્રોલ એવી રીતે રાખે છે કે આ લોકોને દશ વર્ષે જો કદી વરસાદ ખૂબ પડે ને સરસ પાક થાય તો તો છરા લઈને મારી નાખે લોકોને. એટલે કુદરત આમને ઠેકાણે જ રાખે છે. ઈગોઈઝમવાળાને માર-ઠોકાઠોક કરીને ઠેકાણે જ રાખે છે અને જે લોકોને ઈગોઈઝમ લાંબો નથી ને ડેવલપ્ડ થયો નથી એ આફ્રિકામાં ઢગલેબંધ વરસાદ પડે છે. એટલે આ કુદરત પરફેક્ટ છે. કુદરત ભગવાનનું જ કામ કરી રહી છે. પણ એ કુદરતને આપણે કર્તા રાખતા નથી, પણ ઈગોઈઝમ કરી નાખીએ છીએ. ઈગોઈઝમ વચ્ચે ના હોય તો કુદરત બહુ સુંદર છે, અહંકારનો વાંધો છે.

## અહંકાર એટલું આંધળાપણું

અહંકાર ને આંધળો બે સરખા કહેવાય. જેનો જેમાં અહંકાર વધારે, તેમાં તેને અંધાપો વધારે રહ્યા કરે.

અહંકાર એટલું આંધળાપણું છે. જેટલું આંધળાપણું એટલો અહંકાર. એ અહંકારના પાછા ચાર ભાગ પડે, ક્રોધ-માન-માયા-લોભ. આ લોભમાં પડે, પૈસામાં પડે તો લોભાંધ થઈ જાય, માનમાં પડે તો માનાંધ થઈ જાય, ક્રોધમાં પડે તો ક્રોધાંધ થઈ જાય. બધાયમાં અંધપણું હોય. ગમે તેમાં પણ અહંકાર એ જ અંધપણું છે. અહંકાર એ ભ્રાંતિથી ઊભી થયેલી વસ્તુ છે.

અહંકાર આંધળો હોય એટલે બધું ઊંધું-છતું કરે. સ્વભાવથી જ આંધળો છે. બુદ્ધિની આંખે થોડુંઘણું જુએ છે અને બુદ્ધિની સલાહથી ચાલે છે. એ બુદ્ધિ જ્યાં કહે ત્યાં એ એની સહી કરે. બુદ્ધિ વડોપ્રધાન અને પેલો પ્રેસિડન્ટ. બાકી આમ પોતે આંધળો છે, એને દેખાય નહીં કશુંય. એ બુદ્ધિ કહે કે ભઈ, આ પ્રમાણે કરી નાખો. એટલે સહી કરી આપે. પણ 'કરું છું' એવો અહંકાર. હા, બસ, હુંપણાનો, એ હું પદ કહેવાય. બાકી, અહંકાર ઓગળી ગયા પછી પોતાનું હિત સચવાય, હિતની સમજણ પડે, નહીં તો અહંકાર છે ત્યાં સુધી આંધળો છે.

અહંકાર બધું ગાંડું જ કરે, નુકસાન કરે, એનું નામ અહંકાર. પોતે પોતાના જ પગ પર કુહાડી માર માર કરે એનું નામ અહંકાર. અહંકાર અંધારામાં છે. તે માર ખા ખા કર્યા કરે છે જાત જાતનો !

## ઠોકરો અહંકારને ઠેકાણે રાખે

કુદરતનો ખોરાક અહંકાર છે. અહંકાર એ જ કુદરતનો ખોરાક છે. અહંકારને અપમાનનો ભો ના હોય. માનીને અપમાનનો ભો હોય. બહુ અહંકારની ઘેમરાજીમાં ફરતો હોય તેને કુદરત ઓગાળી જાય. એને કુદરત જ લાફો મારે.

આ કુદરતના કાયદા જુદી જાતના છે. ઊર્ધ્વગતિમાં લઈ જવાના હોય તેના કાયદા જુદા અને અધોગતિમાં ઘસડી જવાના કાયદા જુદા.

એવું છે ને, આ કળિયુગ છે, તેમાં ઈચ્છાઓ જે થાય ને તેની જ પ્રાપ્તિ થાય તો આપણો અહંકાર વધી જાય ને પછી ગાડું ઊંધું ચાલે. એટલે આ કળિયુગમાં હંમેશાં એને ઠોકર વાગે ને, તો જ સારું. એટલે દરેક યુગમાં આ વાક્ય જુદી જુદી રીતે હોય છે. એટલે આ યુગને અનુસરીને આ વાક્ય આવી રીતે કહેવાય. અત્યારે જો ઈચ્છા પ્રમાણે ભેગું થાય તો એનો અહંકાર વધે. મળે છે બધું પુણ્યના હિસાબે અને વધે છે શું ? અહંકાર, 'હું છું.' એટલે આ જેટલી ઈચ્છાઓ થાય ને એ પ્રમાણે ના થાય ત્યારે એનો અહંકાર ઠેકાણે રહે ને વાતને સમજતો થાય. ઠોકરો વાગે ત્યારે સમજાય; નહીં તો સમજાય જ નહીં ને ! ઈચ્છા થાય ને મળ્યું, તેથી તો આ લોક ઊંચાં ચડી ગયા. ઈચ્છા પ્રમાણે મળ્યું ત્યારે તો આ દશા થઈ

બિચારાની ! જે પુણ્યૈ હતી તે તો વપરાઈ ગઈ ને ઊલટું ફસામણમાં આવી ગયા ને અહંકાર ગાંડો થઈ ગયો ! અહંકારને વધતાં વાર ના લાગે. ફળ કોણ આપે છે ? પુણ્યૈ આપે છે અને મનમાં શું જાણે કે 'હું જ કરું છું.' તે અહંકારીને તો માર જ પડેલો સારો. ઠોકરો ખાઈ ખાઈને એને જે પ્રાપ્તિ થાય તેમાં જ ફાયદો.

કુદરતનો કાયદો એવો છે કે ઈચ્છા થાય ને વસ્તુ મળે તો એ લપસી રહ્યા છે, અધોગતિમાં જઈ રહ્યા છે. અને ઈચ્છા હોય તો વસ્તુનું ઠેકાણું ના પડે અને ઠેકાણું પડે ત્યારે ઈચ્છા ના હોય, તે ઊર્ધ્વગતિમાં લઈ જનારું કહેવાય. સારું કહેવાય એ.

**પ્રશ્નકર્તા :** ઘણાંને તો ઈચ્છા થતાંની સાથે જ વસ્તુ હાજર થઈ જાય, એ શું કહેવાય ?

**દાદાશ્રી :** ઈચ્છા તરત પૂરી થાય એટલે પછી એ એવો રંગે ચઢે, એવો રંગે ચઢે કે પછી માર ખાઈ ખાઈને મરી જાય ને અધોગતિમાં જાય. કારણ કે મનનો સ્વભાવ કેવો છે કે એક ફેર કૂદવાની જગ્યા મળી એટલે એ કૂદમકૂદી કરી મેલે !

ઈચ્છા થઈ ને તરત મળ્યું કે ઘરમાં પગ તો ઊંચો ને ઊંચો મૂકે, બાપનેય ગણકારે નહીં ને કોઈનેય ગણકારે નહીં. એટલે ઈચ્છા થઈ ને મળે તો જાણવું કે અધોગતિમાં જવાનું છે. એનું મગજ વધતું વધતું ચક્રમ થઈ જાય.

કુદરતે કેવી સુંદર ગોઠવણી કરી છે ! જેને ઊર્ધ્વગતિમાં જવાનું છે તેની બધી જ ઈચ્છા પ્રમાણે પૂરું પાડવાનું, પણ તે ઈચ્છા પૂરી થઈ ગયા પછી. અને અધોગતિમાં જવાનું છે તેને તરત જ વસ્તુ પૂરી પાડવાની. માટે કુદરતની આ વાતને સમજો.

## સત્તા આપવા કુદરતના કાયદા

આ કુદરતનું કેવું છે ? કોઈ જીવને કિંચિત્‌માત્ર ધાર્યું ના થવા દે. પણ જેનાથી કિંચિત્‌માત્ર કોઈને મનથી, વાણીથી કે વર્તનથી દુઃખ થતું નથી, તેને કુદરત બધી સત્તા આપે છે ધાર્યું કરવાની.

એટલી બધી કરુણતાવાળી લાઈફ છે અને એમાં આવા અહંકાર કરવા જઈએ, ગાંડાં કાઢીએ તે બહેરાશ થઈ જાય તો ? અગર તો બેતાળાં થવા આવ્યા તો, શાને માટે અહંકાર ? જેને આધાર આપવા જેવા માણસ છે, ત્યારે એને અહંકાર હોતો નથી. જેને આધાર આપવા જેવા નથી હોતા, ત્યાં અહંકાર હોય છે બધો !

તું સ્કૂલમાં ભણતો હતો ત્યારે અહંકાર ક્યાં ગયો'તો, તે અત્યારે અહંકાર જાગ્યો છે તે ? 'સર' છે તે ખુરશીમાં બેસતા'તા ને આપણે નીચે બેસતા'તા. તે ઘડીએ અહંકાર કેમ ના ચઢ્યો ? આ તો કંઈક સત્તા-બત્તા હાથમાં આવે છે ને, તે ચગ્યું ! અને કુદરતનો કાયદો એવો છે કે સત્તાનો દુરુપયોગ કર્યો એટલે સત્તા જાય. જે સત્તા તમને પ્રાપ્ત થઈ છે, એ સત્તાનો તમે દુરુપયોગ કરો તો એ સત્તા જાય. આ હું જ્ઞાનીના પદ ઉપર બેઠો છું. એનો દુરુપયોગ કરું એટલે આ પદ મારું જતું રહે, એની મેળે. દુરુપયોગ ના કરું અને બીજી રીતે સિદ્ધિઓ વટાવી ખાઉં, તો ત્યાં કુદરતમાં પકડાઈ જાય ! સિદ્ધિઓ હોય ખરી ?

**પ્રશ્નકર્તા :** હોય.

**દાદાશ્રી :** એ દુરુપયોગ કરે તો શું થાય ? પદ જતું રહે. કોઈ પણ વસ્તુનો દુરુપયોગ કરો એટલે એ પદ ખોઈ નાખશો.

## છુટકારા માટે માર ખાઈ લો

આ કુદરત એક ક્ષણવાર પણ ન્યાયની બહાર વર્તી નથી. જો કુદરત એક ક્ષણ વાર પણ ન્યાયની બહાર વર્તે તો એ કુદરત, કુદરત નથી.

આ જગતનો કાયદો શો છે ? શક્તિવાળો

અશક્તિવાળાને મારે. કુદરત તો શક્તિવાળો કોને બનાવે છે કે પાપ ઓછાં કર્યાં હોય, તેને શક્તિવાળો બનાવે છે અને પાપ વધારે કર્યાં હોય, તેને અશક્તિવાળો બનાવે છે.

કુદરત શું કહે છે ? તને અન્યાય થયો તેય ન્યાય છે ને ન્યાય થયો તેય ન્યાય જ છે. માટે તું સંકલ્પ-વિકલ્પ કરીશ નહીં. નહીં તો રડી રડીનેય ન્યાય માનવો પડશે. એના કરતાં 'વ્યવસ્થિત' છે કહી દે ને, તો ઉકેલ આવી જાય.

જો તમારે છુટકારો મેળવવો હોય તો એક ફેરો માર ખાઈ લો. મેં આખી જિંદગી એવું જ કર્યું છે. ત્યાર પછી મેં તારણ કાઢ્યું કે મને કોઈ જાતનો માર રહ્યો નહીં, ભય પણ રહ્યો નહીં. મેં આખું 'વર્લ્ડ' શું છે, એનું તારણ કાઢ્યું છે. મને પોતાને તો તારણ મળી ગયું છે, પણ હવે લોકોને પણ તારણ કાઢી આપું છું.

એટલે જ્યારે ત્યારે તો આ લાઈન ઉપર આવવું જ પડશે ને ? કાયદો કોઈને છોડતો નથી. માટે ગુના માત્ર બંધ કરો. જરાક ગુનો કર્યો કે ચાર પગ થઈને ભોગવવું પડશે. ચાર પગમાં પછી સુખ લાગે કંઈ ?

## કુદરત તો હેલ્પફુલ છે

તમને દુઃખ કોણ દે છે ? તમારા ક્રોધ-માન-માયા-લોભ. એમાં કુદરતનો શો દોષ ?

કુદરત કોઈને દુઃખ આપવા સર્જાયેલી નથી. કુદરત જો દુઃખ આપતી હોત ને, તો તો આ જાનવરો બધા દુઃખી હોત. એમને ત્યાં દવાખાના હોય છે ? આ દરિયામાં કરોડો, અબજો, અનંત... જીવ છે, એમાં દરિયામાં દવાખાના હશે ? અને આ ચાર અબજની વસ્તી માણસની એમાં કેટલા દવાખાના ! ઠેર ઠેર ડૉક્ટરો ! ત્યારે આમને જીવતા જ નથી આવડતું ને મનુષ્યોને ! દવાખાના કેટલા ! ઝઘડાની કોર્ટો કેટલી, વકીલો કેટલા ! એટલે જીવતા જ નથી આવડતું ને !

સંસાર છે આ તો ! એ અહંકારથી ઊભો થયેલો છે. અહંકાર એટલે વિકલ્પથી. આત્માનો વિકલ્પ એટલે અહંકાર. હું અને મેં કર્યું, બસ ચાલ્યું પછી. પછી માર ખાય છે તોય અહંકાર છોડે નહીં એને, કારણ કે ઘડી પછી એને એમ જ લાગે કે મારા આ ચાર બળદ, આ ગાયો-બાયો, આ બધાં કરતું હું મોટો ને ? 'હું મોટો છું' એ ભાન રહે છે, એટલે કશું દુઃખ જ નથી આ લોકોને ! ચક્રવર્તી રાજ આપે તોય લેવા જેવું નથી. પેઠા પછી એ દુઃખ તો પાર વગરના છે ! એના કરતાં આપણા પોતાના ગામ જતા રહો ને, એના જેવું કોઈ સુખ નથી. પોતાના દેશમાં જે સુખ છે એવું કોઈ દેશમાં નથી.

વિકલ્પી થાય ત્યારે પછી મનુષ્ય અહંકારી થાય. શું થાય ?

**પ્રશ્નકર્તા :** અહંકારી થાય.

**દાદાશ્રી :** ત્યાં સુધીનો અહંકાર નોર્મલ અહંકાર કહેવાય છે. સાહજિક અહંકાર, વાસ્તવિક અહંકાર. પણ વિકલ્પી થાય. એટલે જવાબદાર બન્યો. તે જવાબદાર બન્યા પછી દુઃખ આવે છે. જ્યાં સુધી જવાબદાર ન હોય ત્યાં સુધી કુદરત તો કોઈ દહાડે દુઃખ કોઈને આપતી જ નથી.

આ કુદરતને ઘેર તો નિશ્ચયમાં દુઃખ નથી ને વ્યવહારમાંય દુઃખ નથી. આખા જગતને આ સમજણ નહીં પડવાથી વ્યવહાર દુઃખદાયી થઈ પડ્યો છે. વ્યવહાર એને આવડતો નથી. વ્યવહાર નિર્લેપ જોઈએ. નિર્લેપ વ્યવહાર પછી આનંદનો પાર નથી રહેતો !

**પ્રશ્નકર્તા :** તો દુઃખ મનુષ્યો જ ઊભું કરે છે ?

**દાદાશ્રી :** આમણે જ ઊભું કરેલું છે. આમના ઊભા કરેલા જ દુઃખ છે.

વિકલ્પી થાય એટલે જવાબદાર થાય. જવાબદાર થાય એટલે કુદરત ફટકો અવશ્ય આપે જ. કુદરત કોઈને દુઃખ આપતી નથી. કુદરત તો 'હેલ્પફુલ' જ છે !

આગળ જવું હોય તેનેય કુદરત 'હેલ્પ' કરે છે ને પાછળ જવું હોય તેનેય કુદરત 'હેલ્પ' કરે છે. 'નેચર' શું કહે છે ? 'આઈ વિલ હેલ્પ યુ.' તારે જે કામ કરવું હોય, ચોરી કરવી હોય તો 'આઈ વિલ હેલ્પ યુ.' કુદરતની તો બહુ મોટી 'હેલ્પ' છે. કુદરતની 'હેલ્પ'થી તો આ બધું ચાલે છે ! પણ તું નક્કી નથી કરતો કે મારે શું કરવું છે ? જો તું નક્કી કરે તો કુદરત તને 'હેલ્પ' આપવા તૈયાર જ છે. 'ફર્સ્ટ ડિસાઈડ' કે મારે આટલું કરવું છે. પછી તે નિશ્ચયપૂર્વક સવારના પહોરમાં યાદ કરવું જોઈએ. તમારા નિશ્ચયને તમારે 'સિન્સીયર' રહેવું જોઈએ, તો કુદરત તમારી તરફેણમાં 'હેલ્પ' કરશે. તમે કુદરતના 'ગેસ્ટ' છો.

તમને દરેક ખાવા-પીવાનું ઘેર બેઠા પ્રાપ્તિ થાય છે. તમને હવા પણ તમે સંડાસમાં જાવ તોય ત્યાં પ્રાપ્ત થાય. તમને (કુદરત) તમારી જરૂરિયાત, બધી નેસેસિટી આપવા માટે બંધાયેલી છે. ને તમને ગેસ્ટ તરીકે રાખ્યા છે ! હવે તમને ગેસ્ટ તરીકે રાખ્યા હોય તો તમારે શું રહેવું જોઈએ ? ગેસ્ટ તરીકે વર્તવું જોઈએ. પણ તમે ત્યાં રસોડામાં જઈને, કઢીમાં મીઠું નાખીને હલાવ હલાવ કરો, તો પછી શું થાય ? કુદરત બંધાયેલી છે કે હું તમને ગેસ્ટ તરીકે રાખવા બંધાયેલી છું.

## કુદરતને ત્યાં 'ગેસ્ટ'

**પ્રશ્નકર્તા :** આપણે કુદરતના 'ગેસ્ટ' કે 'પાર્ટ ઓફ નેચર' છીએ ?

**દાદાશ્રી :** 'પાર્ટ ઓફ નેચર' પણ ખરા અને 'ગેસ્ટ' પણ ખરા. આપણે પણ 'ગેસ્ટ' તરીકે રહેવાનું પસંદ કરીએ છીએ. ગમે ત્યાં બેસશો તોય તમને હવા મળી રહેશે, પાણી મળી રહેશે. અને તેય 'ફ્રી ઓફ કોસ્ટ' ! જે વધારે કિંમતી છે તે 'ફ્રી ઓફ કોસ્ટ' મળી રહે છે. કુદરતને જેની કિંમત છે તેની આ મનુષ્યોને કિંમત નથી. અને જેની કુદરતની પાસે કિંમત નથી, (જેમ કે હીરા) તેની આપણા લોકોને બહુ કિંમત છે.

આ સંસારમાં જે જીવમાત્ર છે તે કુદરતના 'ગેસ્ટ' છે. દરેક ચીજ કુદરત તમને તમારી પાસે તૈયાર કરીને આપે છે. આ તો તમને કઢાપો-અજંપો, કઢાપો-અજંપો રહ્યા કરે છે. કારણ કે આ સમજણ નથી, અને તમને એવું લાગે છે કે 'હું કરું છું.' આ ભ્રાંતિ છે. બાકી કોઈથી આટલુંય થઈ શકતું નથી.

અહીં જન્મ થતા પહેલાં, આપણે બહાર આવવાના થયા, તે પહેલાં લોકો બધી જ તૈયારીઓ કરી રાખે છે ? ભગવાનની સવારી આવી રહી છે ! જન્મતા પહેલાં બાળકને ચિંતા કરવી પડે છે કે બહાર નીકળ્યા પછી મારા દૂધનું શું થશે ? એ તો દૂધની કૂંડીઓ બધું જ તૈયાર હોય છે ! ડૉક્ટરો, દાયણોય તૈયાર હોય, અને દાયણ ના હોય તો છેવટે વાળંદાણીય હોય છે. પણ કંઈકની કંઈક તૈયારી તો હોય જ, પછી જેવા 'ગેસ્ટ' હોય ! 'ફર્સ્ટ કલાસ'ના હોય તેની તૈયારી જુદી, 'સેકન્ડ કલાસ'ની જુદી અને 'થર્ડ કલાસ'ની જુદી ! બધા 'કલાસ' તો ખરા ને ? એટલે બધી જ તૈયારીઓ સાથે તમે આવ્યા છો, તો પછી હાય-અજંપો શાના હારુ કરો છો ?

જેના 'ગેસ્ટ' હોઈએ ત્યાં આગળ વિનય કેવો હોવો જોઈએ ? હું તમારે ત્યાં ગેસ્ટ થયો તો મારે 'ગેસ્ટ' તરીકેનો વિનય ના રાખવો જોઈએ ? તમે કહો કે 'તમારે અહીં નથી સૂવાનું, ત્યાં સૂવાનું છે.' તો મારે ત્યાં સૂઈ જવું જોઈએ. બે વાગે જમવાનું

આવે તોય શાંતિથી જમી લેવું જોઈએ. જે મૂકે તે નિરાંતે જમી લેવું પડે, ત્યાં બૂમ પડાય નહીં. કારણ કે 'ગેસ્ટ' છું. તે હવે 'ગેસ્ટ' રસોડામાં જઈને કઢી હલાવવા જાય તો કેવું કહેવાય ? ઘરમાં ડખો કરવા જાય તો તમને કોણ ઊભું રાખે ? તને બાસુંદી થાળીમાં મૂકે તો તે ખાઈ લેજે. ત્યાં એમ ના કહેતો કે 'અમે ગળ્યું નથી ખાતા.' જેટલું પીરસે એટલું નિરાંતે ખાજે. ખારું પીરસે તો ખારું ખાજે. બહુ ના ભાવે તો થોડું ખાજે, પણ ખાજે ! 'ગેસ્ટ'ના બધા કાયદા પાળજે. 'ગેસ્ટ'ને રાગ-દ્વેષ કરવાના ના હોય. 'ગેસ્ટ' રાગ-દ્વેષ કરી શકે ? એ તો વિનયમાં જ રહે ને ?

અમે તો 'ગેસ્ટ' તરીકે જ રહીએ. અમારે બધી જ ચીજ-વસ્તુ આવે. જેને ત્યાં 'ગેસ્ટ' તરીકે રહ્યા હોઈએ, તેને હેરાન નહીં કરવાના. અમારે બધી જ ચીજ ઘેર બેઠાં આવે, સંભારતા જ આવે અને ન આવે તો અમને વાંધોય નથી. કારણ કે ત્યાં 'ગેસ્ટ' થયા છીએ. કોને ત્યાં ? કુદરતને ઘેર ! કુદરતની મરજી ના હોય તો આપણે જાણીએ કે આપણા હિતમાં છે અને મરજી એની હોય તોય આપણા હિતમાં છે. આપણા હાથમાં કરવાની સત્તા હોય તો એક બાજુ દાઢી ઊગે ને એક બાજુ ના ઊગે તો આપણે શું કરીએ ? આપણા હાથમાં કરવાનું હોત તો બધું ગોટાળિયું જ થાત. આ તો કુદરતના હાથમાં છે. એની ક્યાંય ભૂલ નથી હોતી. બધું જ પદ્ધતિસરનું હોય. જુઓ ચાવવાના દાંત જુદા, છોલવાના દાંત જુદા, ખાણિયા દાંત જુદા. જુઓ, કેવી સરસ ગોઠવણી છે ! જન્મતાં જ આખું શરીર મળે છે ! હાથ, પગ, નાક, કાન, આંખો બધું જ મળે, પણ મોઢામાં હાથ નાખો તો દાંત ના મળેલા હોય, ત્યારે કંઈ ભૂલ થઈ ગઈ હશે કુદરતની ? ના, કુદરત જાણે કે જન્મીને તરત એને દૂધ પીવાનું છે, બીજો ખોરાક પચે નહીં. માનું દૂધ પીવાનું છે, તો દાંત આપીશું તો એ બચકું ભરી લેશે ! જુઓ, કેવી સુંદર ગોઠવણી કરેલી છે ! જેમ જેમ જરૂર પડે તેમ દાંત આવે છે. પહેલાં ચાર આવે પછી ધીમે ધીમે બીજા આવે, અને આ ઘૈડિયાને દાંત પડી જાય તો પાછા ના આવે !

કુદરત બધી જ રીતે રક્ષણ કરે છે. રાજાની પેઠે રાખે છે, પણ અક્કરમીને રહેતાં નથી આવડતું તે શું થાય ?

### માર પડે ત્યારે ઈન્વેન્શન થાય

કુદરતનો નિયમ એવો છે કે જેટલા મોક્ષે ગયેલા, તેમાંથી એંસી ટકા નર્કે ગયા પછી જ મોક્ષે જાય છે ! નર્કમાં ના ગયો હોય તો મોક્ષે જવા ના દે ! માર પડવો જ જોઈએ. ખાવાનું-પીવાનું બધું મળ્યા કરે, 'આવો-પધારો, પધારો' બધા કરે તો 'ઈન્વેન્શન' અટકી જાય.

**પ્રશ્નકર્તા :** દાદા, સીધા, સરળ ને સેવાભાવી માણસોનો વિકાસ ખરાબ માણસો કરતાં કેમ ઓછો પડી જાય છે ?

**દાદાશ્રી :** ખરાબ માણસોનો વિકાસ થાય જ નહીં. પણ ખરાબ માણસની ખરાબી વધતી જાય પછી એને માર પડે. ત્યારે એનું 'ઈન્વેન્શન' ચાલે. ત્યાર બાદ ખરાબ માણસ પેલા સીધા માણસ કરતાં આગળ વધી જાય અને પેલો સીધો માણસ ધીમે ધીમે આગળ વધ્યા કરતો હોય. એનું તો બે કલાકેય બોરસદ ના આવે ! એને કંઈ અડચણેય ના આવે. ભૂલો પડ્યો, કંઈ ના જડ્યું, ત્યારે 'ઈન્વેન્શન' થાય.

સીધા માણસને સેવાભાવ એટલે જ ધર્મ લાગે. સેવાભાવ એટલે કોઈને સુખ આપવું, કોઈની અડચણો દૂર કરવી, એનું નામ ધર્મ. પણ તે ખરો ધર્મ નથી ગણાતો.

જ્યાં 'હું કરું છું', 'હું કર્તા છું', 'હું ભોક્તા છું' - જ્યાં સુધી આ 'હુંપણું છે', ત્યાં સુધી સત્ધર્મ નથી ઉત્પન્ન થતો. આ લૌકિક ધર્મ

ઉત્પન્ન થાય. અલૌકિક ધર્મ તો માર ખાય ને, તો જ મહીં 'ઈન્વેન્શન' થાય. નહીં તો શી રીતે 'ઈન્વેન્શન' થાય ?

સૂક્ષ્મ અહંકારના પરમાણુ ભેગા થાય, તો તેને કાઢવા બહુ મુશ્કેલ છે. આ પરમાણુની ગોઠવણ જ એવી છે કે અહંકાર ઉત્પન્ન થયો કે તેને માર મારે. કંઈક પ્રાપ્તિનો અહંકાર આવ્યો કે પછડાયો જ છે. દૈવીશક્તિઓ ખીલી હોય ને અહંકાર આવે તો જેટલો ઊંચો ચઢ્યો છે તેટલો જ નીચે પછડાવાનો. દૈવીશક્તિના આધારે થાય અને 'મેં કર્યું' એવો અહંકાર કરે તો અધોગતિમાં જાય અગર તો દૈવીશક્તિનો દુરુપયોગ કરે તો પણ અધોગતિમાં જાય. દુરુપયોગનું રિએક્શન આવે ત્યારે નર્કગતિ થાય.

નર્કમાં અવધિજ્ઞાન એટલા માટે છે કે વધુ દુઃખ થાય. એ અવધિજ્ઞાન ના હોય તો સારું, પણ કુદરતનો નિયમ છે એને વધુ દુઃખ થવું જ જોઈએ.

નર્કમાં દુઃખ તો પાર વગરનું છે જ પણ આ જે જ્ઞાન આપ્યું છે, તે ત્યાંથી એ અહીં આગળ જોઈ શકે એવું. એ જો ઉપયોગ નક્કી કરે ને, કે મારે જોવું છે, તો અહીંયા આ બધું આખું દેખાય એને.

હવે એ અવધિજ્ઞાનમાં શું કરે કે એના ફાધર-મધર, ભાઈઓ બધા અત્યારે ક્યાં છે, તે અહીં આગળ મનુષ્યલોકમાં તપાસ કરે, જુએ અવધિજ્ઞાનમાં. બધા વાતો કરતા હોય, ચા પીતા હોય ને ઢોંસા ખાતા હોય ને બધું ખાતા હોય એ જુએ. એને જ્ઞાનમાં શું દેખાય કે ઓહોહો ! આ ફાધર-મધર, આ મારી વાઈફ આ બધા મજા કરે છે ને હું એકલો જ નર્કમાં ! મેં ખોટું કર્યું ત્યારે જ ને આ દુઃખ થયું. તે ઊલટો વધારે દુઃખી થાય. એ જ્ઞાન એને વધુ દુઃખ કરવા માટે પ્રાપ્ત થયું છે.

એને બહુ દુઃખ થાય કે મેં ખોટા કર્મ બાંધ્યા, તેથી આ મારે ભોગવવું પડે છે. કર્મ મેં બાંધ્યા, લોકોની જોડે ચોરીઓ, લુચ્ચાઈઓ, હરામખોરી મેં કરી ને ભેગું કરેલું ભોગવ્યું એમણે. કારણ કે એ તો ના કહેતા હતા, તમે સારા કામ કરજો, બા. અમારે જોઈતું નથી આવું. પણ પેલો કરી લાવે ને કર્મ તો !

## કુદરત દંડે નિયમબદ્ધ

**પ્રશ્નકર્તા :** દાદા, માણસને એક વખત દુઃખ પડવા માંડે, તો પૂરેપૂરો દુઃખમાં આવે તો તરત એને કંઈ રસ્તો સૂઝે ને ? પેલો અધવચ્ચે ફર્યા કરે ત્યાં સુધી તો એનો જન્મોજન્મ નિકાલ જ ના આવે.

**દાદાશ્રી :** કુદરતના નિયમ એવા છે. કુદરત તમને મહીં દુઃખ આપે ને, એ નિયમબદ્ધ આપે. પહેલું અઠ્ઠાણું પછી સતાણું પછી છન્નું. એકદમ ના આપે.

**પ્રશ્નકર્તા :** એમાંય ક્રમ રહે, દાદા ?

**દાદાશ્રી :** માણસ ગુસ્સો કરે ને, જો એકદમ તમારી જોડે ગુસ્સો કરે, તે ઘડીએ પહેલી જ સેકન્ડ ફાઈવ હંડ્રેડ, બીજી સેકન્ડ ફોર હંડ્રેડ ફિફટી, ત્રીજી સેકન્ડ ફોર હંડ્રેડ એમ કરતું કરતું ખલાસ થઈ જાય. તમને સમજાયું ?

**પ્રશ્નકર્તા :** હા. ગુસ્સો ધીમે ધીમે વધતો વધતો જાય ને પછી એ કુદરતી જ એ કાબૂમાં રહે ?

**દાદાશ્રી :** કુદરતનો નિયમ જ આવો.

**પ્રશ્નકર્તા :** દાદા, એટલે જે પાછલા કર્મો હોય, ખૂબ કઠણ કર્મો હોય, તે આમ જ્યારે કર્યા હોય ત્યારે તો બહુ ભયંકર કર્મો કર્યા હોય પણ એ જો સામટા ભોગવવાના આવે તો તો આની ભોગવવાની કોઈ પરિસ્થિતિ જ ના રહે.

**દાદાશ્રી :** એ કર્મ કરનારને ભાન નથી, પણ કુદરત ભાનપૂર્વક એને ફળ આપે છે. મુશ્કેલીમાં

ના મૂકે એને. એય... નવ મહિના સુધી ધીમે ધીમે અંદર પ્રગતિ થયા કરે. નહીં તો દોઢ મહિનામાં તૈયાર થઈ જાય તો ? એટલે ક્રમે ક્રમે ક્રમે પછી બાળકનું શરીર વધતું જાય. નહીં તો મુશ્કેલીમાં મૂકાય. એટલે બઈને બોજો લાગે નહીં. બઈને ખબર જ ના પડે. તમને સમજાયું આ શું કહું છું તે ? આની પાછળ શું સાયન્સ છે એ સમજાયું તમને ?

## અપ એન્ડ ડાઉન એ કુદરતી નિયમ

આ કુદરતનો નિયમ છે, તે અપ એન્ડ ડાઉન, અપ એન્ડ ડાઉન ચાલ્યા જ કરવાનું. એવો નિયમ જ, આ જગતનો નિયમ જ છે એવો.

વધે ત્યારે પછી એક અંશ સંકોચાય બીજે દહાડે. નવ્વાણું હોય ને તેના અઠ્ઠાણું થાય અને ત્રીજે દહાડે સો થાય. એવી રીતે આ વધે ત્યારે. ઘટે ત્યારે એવું થાય, આવી ને આવી રીતે ઘટે ત્યારે પાછું. વર્ધમાન થઈને હિયમાન (ઘટમાન) થાય, ઘટે ત્યારે. એટલે આ રીતોને બધા લોકો પકડી શકે નહીં ને એટલે લોક ગૂંચાયા કરે. ખોટ જતી હોય ને, તોય પાછો મહીં એક દહાડો તો મનમાં એમ થાય કે ઠીક છે હવે એમ. તે પાછી પરમ દહાડે ડબલ ખોટ ! નીચું ઊતરવા માંડ્યું એમાં પાછો આ આરોહ આપે એને. કુદરતના નિયમ જ છે આ બધા, નેચરલ નિયમો બધા. આ તમે દવાખાનામાં જાવ ને, તો પેલો જુઓ છો ને ગ્રાફ ?

**પ્રશ્નકર્તા :** હા, તેમાં...

**દાદાશ્રી :** તે આમથી ઊતરે, આમ ચઢે, પણ ખરેખર એ જે છે ને, એમાં સહેજ ફેર હોય છે કુદરતની દૃષ્ટિએ. એમાં ચડ-ઊતર થયા કરે છે. એમાં ઊતરતી વખતેય ચડ-ઊતર તો થયા કરે છે. ચડતી વખતેય ચડ-ઊતર થઈને ચડે છે. એકલું ચડતું નથી આ. નહીં તો આશા જ ના રહે ને તૂટી જાય બધી આશા.

માણસની આશા જ તૂટી જાય પછી. એટલે ઉદય ખરાબ હોય તો આજે જરા ધક્કો વાગે, કાલ પાછું સારું થયેલું લાગે. પાછું બે-ચાર દહાડા સારું રહે ને પછી પાછો એકદમ પાછો ઊંડો ધક્કો વાગી જાય. એમ કરીને સ્લિપ (ઢાળ)માં લઈ જાય એને નીચે. અને ચઢાવે તોય એવી રીતે જ ચઢાવે.

કુદરતના નિયમથી જ આ બધું ચાલ્યા કરે છે.

## કુદરતનું ટમ્બલિંગ બેરલ

કુદરતનો નિયમ છે એવો, દસ લાખ વર્ષમાં નવ વાસુદેવ અને નવ પ્રતિવાસુદેવ એ બેઉ જણ જન્મ્યા જ કરે છે. એક બાજુ નારાયણ જન્મે ને એક બાજુ પ્રતિનારાયણ જન્મે. તે લઢવા માટે જ. તે પછી ઈતિહાસ ઊભો થાય. નહીં તો ઈતિહાસ વગર શું વાંચે લોકો ? આ મહાભારત શું વાંચે ? રામની સ્ત્રીને જો હરણ જ ના કરી ગયા હોત તો શું વાંચત આ લોકો ?

**પ્રશ્નકર્તા :** તો વંચાવવા માટે ઝઘડો કરવો જરૂરી છે ?

**દાદાશ્રી :** નહીં, આ લોકોને ખોરાક છે. વંચાવવું એ ખોરાક છે આ લોકોનો. લોકોને ખોરાક જોઈએ ને ! એટલે આ ઝઘડા કરાવવા નારદનીયે જરૂર, તે બેઉને વઢાવડાવે ખરેખરા ! આ બધું જરૂરિયાત છે વસ્તુ. વિટામિન છે બધું આ.

**પ્રશ્નકર્તા :** આ તો ખાનાખરાબી બહુ થઈ જાય છે. હવે આપણે અહીં શાંતિથી આનંદ લઈ શકીએ છીએ, પણ અહીંયા જો આપસ આપસમાં ઝઘડાઝઘડી થતા હોય, કાપાકાપી થતી હોય, તો એમાં શું આનંદ છે ? આ સૃષ્ટિમાં તો એવું જ ચાલી રહ્યું છે !

**દાદાશ્રી :** એવું છે ને કે આનંદ તમે શેને કહો છો ? તમે લગ્નમાં પંદર દહાડા સુધી રાખ્યા હોય, તો શું કરો તમે ?

**પ્રશ્નકર્તા :** કંટાળી જવાય.

**દાદાશ્રી :** એટલે આનંદ જેવી વસ્તુ કહો છો કોને ?

**પ્રશ્નકર્તા :** એક મેરીટૉક્રસી નામનો એક વિચાર ચાલે છે, અને એનો અમેરિકામાં વિરોધ થાય છે.

**દાદાશ્રી :** ગુણવત્તાના ધોરણે ?

**પ્રશ્નકર્તા :** બધું ચાલવું જોઈએ એમ.

**દાદાશ્રી :** તે અત્યારે કયા ધોરણે ચાલે છે ?

**પ્રશ્નકર્તા :** સમાનતાના ધોરણે નહીં, ગુણવત્તાના ધોરણે ચાલ્યા કરે એમ.

**દાદાશ્રી :** ના, પણ અત્યારે કયા ધોરણે ચાલે છે ?

**પ્રશ્નકર્તા :** અત્યારે ગુણવત્તાના ધોરણે જ ચાલે છે.

**દાદાશ્રી :** પછી હવે નવું નવું નવું ગુણવત્તાનું ધોરણ કયું ખોળી કાઢ્યું ?

**પ્રશ્નકર્તા :** એ તો અમને હમણાં ખ્યાલ આવ્યો. હમણાં આ નવો વિચાર આવ્યો.

**દાદાશ્રી :** કેવો ?

**પ્રશ્નકર્તા :** આપણે આજે શું થયું આટલા વખતથી કોમ્યુનિઝમ આવ્યું, પછી સોશિઅલિઝમની વાત કરીએ છીએ, ગાંધીઝમની વાત કરી છે, અમુક અમુક વાત કરી છે. હવે એ નવો વિચાર એવો છે કે આ મેરિટોઈઝમ, એટલે દરેકની લાયકાત પ્રમાણે રહેવાનું. એટલે એ ભાવ કબૂલ રાખીએ છીએ. જે આપણે હમણાં કીધું એમ.

**દાદાશ્રી :** એ બરોબર છે. પેલું ઈઝમ સડી જાય છે, ત્યારે બીજું નવું ઈઝમ ઊભું થાય છે. પાછું એ સડી જાય, ત્યારે પાછું નવું ઈઝમ શરૂ થાય છે. પણ ઈઝમ એટલા ને એટલા જ છે, વધારે નથી. આખું રાઉન્ડ છે ઈઝમનું.

**પ્રશ્નકર્તા :** તો જ સંસાર ચાલે ને !

**દાદાશ્રી :** ઈઝમનું રાઉન્ડ છે, તે એક સડી જાય એટલે પાછું બીજું ઊભું થઈ જાય. પાછું એ સડી જાય ને ત્રીજું ઊભું થાય, પણ એનું એ જ છે. એનું એ જ ક્યારનું ! એનું એ જ ચક્કર માર્યા જ કરે છે. સમજ પડીને ?

**પ્રશ્નકર્તા :** વ્યવસ્થિત ઘટમાળ.

**દાદાશ્રી :** લોકોને નવું લાગ્યા કરે છે. દરરોજ લોકોને નવું લાગે એવું કંઈકનું કંઈક થયા કરે, નહીં તો લોકોને ગમે જ નહીં ને ! ચેન જ ના પડે ને ! ઈતિહાસ જોઈએ, લઢંલઢા જોઈએ, મહાભારત જોઈએ, બધું જ જોઈએ.

**પ્રશ્નકર્તા :** આ સિનેમામાં જેમ સ્ટન્ટ જોઈએ ને ડાન્સ જોઈએ, બધું એના જેવું જ.

**દાદાશ્રી :** હા, એમાં ક્રાઈસ્ટ જોઈએ, પયગંબર સાહેબ જોઈએ, મહાવીર જોઈએ, રામ જોઈએ. રામની સીતાને હરણ કરી જાય એવું પણ જોઈએ. બધી જરૂરિયાત છે, નહીં તો શું વાંચે લોકો ?

**પ્રશ્નકર્તા :** લોકોને વાંચવા માટે તો ઠીક છે પણ ઝઘડા શા માટે કરે આપસ આપસમાં ? ધર્મના નામે પછી જે ઝઘડા કરે છે એ કેમ કરે છે ?

**દાદાશ્રી :** તમે લુહારને ત્યાં ગયા નહીં હોય ?

**પ્રશ્નકર્તા :** લુહારને ત્યાં ગયા છીએ.

**દાદાશ્રી :** તે લોખંડને ગરમ કરીને લોખંડથી ટીપે છે. શા માટે કરે છે ? ઝઘડા આ શું કરવા કરાવે છે લોખંડને ને લોખંડને ?

**પ્રશ્નકર્તા :** ઘડતર, ઘડે.

**દાદાશ્રી :** એનો ઘાટ ઘડે છે. તે આ ઝઘડાથી ઘાટ ઘડાય છે માણસોનો. તે ચોર્યાસી લાખ જાતના ઘાટ ઘડાય છે, આ ઝઘડાથી. એટલે આ બધી જરૂરિયાત છે, બધી જ આ.

અત્યારે આ ડેવલપ થઈ રહ્યું છે. આ લોખંડના બીડ ગાળવાના કારખાના હોય છે ને, તે બીડના આવડા આવડા દાગીના બનાવે છે. પછી એને મોગરા વળગેલા હોય છે. એને કાઢવા માટે આમ ટમ્બલિંગ બેરલ ફેરવે છે. એટલે બેરલ ખરું ને, તેની મહીં ભેગા નાખી દે અને પછી ઈલેક્ટ્રિકસિટીથી ચાલ્યું બધું. ઘરરર... ઘરર ફર્યા કરે ને તો મહીં અથડાઈ અથડાઈ અથડાઈને બધા મોગરા તૂટી જાય. એવું આ અત્યારે નેચરનું ટમ્બલિંગ બેરલ ફરી રહ્યું છે. મોગરા તોડી નાખે પછી બહાર કાઢે, તે ફર્સ્ટ ક્લાસ થશે.

## સ્વાદ આપી, અનુભવ કરાવી છોડાવે કુદરત

કેટલાક માણસોને તો ખૂબ લોભ વધી ગયો હોય અને એક માણસ વીસ લાખ રૂપિયા દબાવી ગયો, એટલે એકવાર તો બ્રેકડાઉન થઈ જાય મહીં. અંદર ફાટું ફાટું થઈ રહી હોય નસ.

પણ પછી એમાંથી એક વિચાર એને ઉત્પન્ન થાય, પૈસામાં સુખ જ નથી સાવ. એટલે લોભની ગાંઠ (ઓગળતી) જાય એની. એવા કુદરતના નિયમો છે. એની ગાંઠો ઊભી કરે એકવાર, મોટી કરે, પછી ઓગળે. ઊભી કરે, મોટી કરે, એનો સ્વાદ અપાવે અને પછી ઓગાળીનેય એનો સ્વાદ આપે. આ કુદરત ડેવલપ કરે છે બધું. અનુભવ કરાવે છે જાતજાતના. પક્ષપાતમાં પાડીને પછી નિષ્પક્ષપાતી બનાવે છે. આ ફૉરેનવાળા બહુ પક્ષમાં નથી પડેલા. એમને ધીમે ધીમે પક્ષમાં પાડે છે અહીં ઉપર ડેવલપ કરીને. અને પક્ષમાં પાડ્યા પછી નિષ્પક્ષપાતી થાવ હવે. કારણ કે સોનાને હંમેશાંય ચોખ્ખું કરવું હોય ને, તો ભઠ્ઠીમાં લાવવું પડશે. તે આ ભઠ્ઠી કોઈ જગ્યાએ નથી આખા વર્લ્ડમાં. ભઠ્ઠી ઈન્ડિયામાં છે. અહીં જેટલું આવેલું હોય ને, એ ચોખ્ખું સોનું થવાની તૈયારી છે અને પછી બૂમો પાડીએ... 'અરે ! તારે ચોખ્ખું નથી થવું ?' ત્યારે કહે, 'ચોખ્ખું થવું છે.' તો મહીં ભઠ્ઠીમાં પડો. આ તો ભઠ્ઠી છે ! પછી અમે તમને ભઠ્ઠીમાંથી કાઢીએ બહાર. બહાર કાઢનારા મળી આવે ભઠ્ઠીમાંથી. પણ ભઠ્ઠીમાં પડેલો જ હોય એ તો. રાત-દહાડો ઉપાધિ, ઓછી જ ના થાય. અશાંતિ ઓછી કરવા જાય ને, તે ઊલટી વધે. ઓછી કરવાનો પ્રયત્ન કર્યો માટે વધી, કહેશે.

## જ્ઞાની કાઢે છેલ્લો અહંકારી મેલ

હિન્દુસ્તાનની બહાર 'ઈગોઈઝમ' જે છે તે સાહજિક 'ઈગોઈઝમ' છે. એમનો 'ઈગોઈઝમ' કેવો છે ? જ્યાં જવાનું છે ત્યાં આગળ જવાનો 'ઈગોઈઝમ' કરે છે ને જ્યાં નથી જવાનું, ત્યાં નથી જવાનો 'ઈગોઈઝમ' કરે છે ને આપણે જ્યાં નથી જવાનું ત્યાં જવાનું ઊભું કરી દે અને જ્યાં જવાનું છે ત્યાં ના કહી દે ! આપણે અહીં બધો વિકલ્પી 'ઈગોઈઝમ' છે. એ લોકોને સાહજિક 'ઈગોઈઝમ' હોય છે. ગાય-ભેંસોને હોય છે તેવો. ત્યાં ચોરી કરનારો ચોરી કર્યા કરે, બદમાશી કરનારો બદમાશી કરે અને 'નોબલ' હોય એ નોબલ રહ્યા કરે. આપણે અહીં તો નોબલેય ચોરી કરે અને ચોરેય નોબેલિટી કરે. એટલે આ દેશ જ અજાયબ છે ને ! આ તો 'ઈન્ડિયન પઝલ' છે ! જે કોઈથી 'પઝલ' સોલ્વ ના થાય. ફોરેનવાળાની બુદ્ધિ લડી લડીને થાકે, પણ એમને આનું 'સોલ્યુશન' ના જડે. કાકાનો છોકરો એમ કહે કે ગાડી અપાય એવી નથી, સાહેબ આવવાના છે ! આખો અહંકાર જ કપટવાળો !

એ 'ઈગોઈઝમ' વધે છે તેય બરાબર છે, કારણ કે એ 'ડેવલપમેન્ટ' છે. આ કોલેજમાં છેલ્લામાં છેલ્લું પી.એચ.ડી. થવા જાય છે. પણ

જેટલા થયા તેટલા સાચા, બધા ના થાય. ધીમે ધીમે 'ડેવલપ' થાય. 'ઈગોઈઝમ' વધે છે તેય બરાબર છે. અને જે ક્રિયાઓ કરે છે એ બધુંય બરોબર છે. એ અહંકાર વધારે છે અને એમ કરતાં કરતાં બધા અનુભવ ચાખી ચાખીને પછી આત્માનુભવ થાય.

**પ્રશ્નકર્તા :** પછી છેવટના 'સ્ટેજે' અહંકાર નીકળી જાય ?

**દાદાશ્રી :** પછી એને જ્ઞાની મળી આવે. દરેક 'સ્ટાન્ડર્ડ'ના શિષ્યો તૈયાર થાય તે પ્રમાણે એને માસ્તર મળી આવે, એવો નિયમ છે.

એમાં જે છેલ્લા 'ગ્રેડ'ના બે-ચાર હોય, તેને 'જ્ઞાની પુરુષ' મળે એટલે એ પાસ થાય. ત્યાં સુધી એમ કરતાં કરતાં આગળ વધે છે.

**પ્રશ્નકર્તા :** અહંકાર પોતાના પ્રયત્નથી છૂટે કે કુદરતી રીતે છૂટે ?

**દાદાશ્રી :** સંપૂર્ણ ના છૂટે. સ્વપ્રયત્નથી અમુક હદ સુધી છૂટે. જેમ કપડાંમાંથી મેલ કાઢવા માટે સાબુથી ધૂઓ ત્યારે એનો મેલ મૂકતો જાય. સાબુનો મેલ કાઢવા માટે ટિનોપોલ નાખો તો ટિનોપોલ એનો મેલ મૂકતો જાય. પણ છેલ્લો મેલ જાતે ના છૂટે. છેલ્લો મેલ કાઢવા 'જ્ઞાની પુરુષ' જોઈએ.

'જ્ઞાની પુરુષ' મળે તો છુટકારો થાય, નહિ તો છુટકારો થાય નહિ. ત્યાં સુધી કુદરતી રીતે અથડાઈ અથડાઈને અહંકાર તૂટતો જાય.

## જ્ઞાની પરિચયે ઓગળે અહંકાર

**પ્રશ્નકર્તા :** જ્ઞાની અહંકાર કેવી રીતે તોડી શકે ?

**દાદાશ્રી :** જ્ઞાની એ તો બધી બહુ રીતે અહંકાર તોડી નાખે. એ તો સપાટાબંધ તોડી નાખે. અમને ભેગો થાય, અમારો પરિચય થાય ને, એટલે અહંકાર તૂટતો જાય દહાડે દહાડે !

**પ્રશ્નકર્તા :** આપના વાતાવરણમાં, સત્સંગમાં, સાન્નિધ્યમાં અમે રહીએ, તો અમારો અહંકાર જલદી ખલાસ થઈ જાય એ ખરું ?

**દાદાશ્રી :** અહંકાર ખલાસ કરવાનો નથી, (આ જ્ઞાન મળ્યા પછી) અહંકાર તો ખલાસ થઈ ગયેલો જ છે. આ તમને હવે ડિસ્ચાર્જ અહંકાર રહે છે. હવે સત્સંગથી તમારી સમજણ વધી જાય, દર્શન-દેખાવાનું બધું ઊઘડી જાય, અન્વેઈલ્ડ (અનાવરણ) થઈ જાય. હંઅ, એને માટે અમારા સાંનિધ્યમાં આવવું જોઈએ. ત્રણસો કલાક, થ્રી હંડ્રેડ અવર્સ, તો ફૂલ (પૂર્ણ) થઈ જાય, ફૂલ મૂન !

**પ્રશ્નકર્તા :** અમારા અહંકારનું જે સ્વરૂપ છે અત્યારે, તેને ઝીરો પર લાવવા માટેનું પુરુષાર્થનું કયું બટન છે ?

**દાદાશ્રી :** શુદ્ધ ઉપયોગ એ જ. જેટલો શુદ્ધ ઉપયોગ એટલો અહંકાર ઓગળ્યા કરે. અને આ જ્ઞાન આપ્યા પછી ઈગોઈઝમની શી દશા થાય છે ? ત્યારે કહે છે, આજે બહુ ઠંડી પડી હોય ને બનાવવાવાળા પાસે બરફ પડી રહ્યો હોય, હવે એ જાણે કે ક્યારે આ વેચાશે ? ક્યાં મૂકી રાખે એને ? એટલે એકદમ સસ્તો કરી નાખે, તો કોઈ શેઠિયો હોય, તે કહેશે, 'બરફ ભરી લો.' હવે બરફ ભરી લે. પછી કેટલાય કોથળા પાથર પાથર કરશો તોય ઓછો થતો જશે કે વધતો જાય ? શી રીતે ઓછો થતો જાય ? રાતે કેમ કરીને ઓછો થાય ? એ તો ઓગળ્યા જ કરે નિરંતર. એટલે આ જ્ઞાન આપ્યા પછી અહંકાર ઓગળ્યા જ કરે છે. પછી કેટલાક તો કોથળા બાંધ બાંધ કરે છે, વહેર ઘાલ ઘાલ કરે છે. અલ્યા, ના દાબીશ.

## નદીમાં પથરા અનેક અને શાલિગ્રામ ?

**પ્રશ્નકર્તા :** સૃષ્ટિના ક્રમની કેટલીક વાત સમજમાં નથી આવતી. જેમ કે અમે તમારી પાસે આવ્યા અને અમને આપની પાસેથી આત્મજ્ઞાન થયું, પણ બીજા લોકોને કેમ નથી થતું ?

**દાદાશ્રી :** ના, બધા લોકોને માટે નથી. આ આખી જે સૃષ્ટિ છે તે પ્રવાહ રૂપે છે. અનાદિ પ્રવાહથી જ ચાલ્યા કરે છે. નિરંતર, ક્ષણ અટક્યા સિવાય પ્રવાહ ચાલુ જ રહ્યો છે. આપણને પ્રવાહ કયો દેખાય છે ? વ્યવહાર પ્રવાહ આપણને દેખાય છે. બીજો પ્રવાહ આપણે દેખી શકીએ નહીં. એ વ્યવહાર પ્રવાહ બધા ઈન્દ્રિયગમ્ય છે અને પ્રવાહ નિરંતર વહ્યા જ કરે છે.

પ્રવાહરૂપે એટલે દરિયાનો જ્યાં જોઈન્ટ છે ને, ત્યાં આવે એટલે પાણીને મુક્તિ, બીજું બધું આવશે તેમ તેમ મુક્તિ થતી જશે. આ જગત આખુંય પ્રવાહરૂપે છે, એટલે બધાનું ના થાય એકદમ.

**પ્રશ્નકર્તા :** હા, પણ કેટલાક જે એ પ્રવાહના કણો કિનારા ઉપર પહોંચે છે અને કેટલાક મધદરિયાની વચ્ચે, આનું શું કારણ ?

**દાદાશ્રી :** એ બધું સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સના આધારે છે. આ જગતમાં એક પરમાણુ પણ ચેન્જ થઈ શકે એમ નથી.

**પ્રશ્નકર્તા :** આ પ્રવાહ વહેતો જ જાય છે, એમાં જેમ આ પ્રવાહમાંથી પથરા આમ બાજુમાં જુદા પડતા જાય, એમ કયા જીવ ક્યાં ક્યાં પહોંચવાના છે એ વ્યવસ્થિત હોય, તો એ પ્રવાહથી જે પથ્થરો જુદા પડતા હશે એમાંય કોઈ વ્યવસ્થિત નહીં કામ કરતું હોય ?

**દાદાશ્રી :** બધું વ્યવસ્થિત જ ગોઠવાયેલું છે. આ તો આપણી દૃષ્ટિ બદલેલી છે ને અને આ મારું-તારું કરવા ગયા ને, એટલે આ પેલું વ્યવસ્થિતનું જ્ઞાન અલિપ્ત થઈ ગયું. એ એક્ઝેક્ટ છે બધું !

**પ્રશ્નકર્તા :** અમુકને સંજોગ આવે તો શાલિગ્રામ બને ને બીજા એવા ને એવા રહે, તો પછી એ કેવી રીતે નક્કી થતા હોય ? એની પાછળેય કોઈ બળ તો કામ કરતું હશે ને ?

**દાદાશ્રી :** બધો વ્યવસ્થિતનો નિયમ. વ્યવસ્થિતના નિયમ આગળ કંઈ પણ આગળનું કશું ફેરફાર થાય એવું નથી. બધા જ પથરા હોય, એમાંથી કો'ક શાલિગ્રામ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** તો પ્રશ્ન એવો છે કે અમુક પથ્થર જ શાલિગ્રામ થાય અને અમુક નથી થતો એનું કયું કારણ ?

**દાદાશ્રી :** એ તો પછી એની પાછળ બધા વ્યવસ્થિત કોઝિઝ, એના નિયમોને બધું. એટલે આ જડ અને ચેતન બન્નેને માટે વ્યવસ્થિત લાગુ છે, એકલું ચેતનનું વ્યવસ્થિત નથી.

## કોઈનો મોક્ષ, કોઈનો કેમ નહીં ?

**પ્રશ્નકર્તા :** હજુ એ સમજાતું નથી કે આ પ્રવાહમાં જે બધા જીવો આવતા હોય છે. એમાં અમુક જ જીવોને કેમ મોક્ષ પ્રાપ્તિ થાય છે ? અમુકને નથી થતી, એની પાછળ કયા સંજોગો કારણભૂત થાય છે ? શું એનું કારણ છે ?

**દાદાશ્રી :** બીજું નહીં, આ વ્યવસ્થિતનું જ કારણ છે અને તે પાછું નિયમને આધીન છે. અમુકને થઈ જાય છે અને અમુક રહી જાય છે એવું નથી કશું, નિયમ છે જોડે. નિયમ એક પછી બે, બે પછી ત્રણ અને ત્રણ પછી પિસ્તાળીસ આવે ને, એટલે જગત એક્સેપ્ટ કરે નહીં. કુદરતેય એક્સેપ્ટ ના કરે. ત્રણ પછી ચાર જ જોઈશે. એટલે બધું આ નિયમથી છે. પાછું સહેજેય ગપ્પું નથી.

**પ્રશ્નકર્તા :** એટલે જે જીવ છૂટે છે, એ જીવે પહેલાં કંઈ સત્કર્મો કર્યા હશે તે એને કામ લાગે છે ખરાં, છૂટવા માટે અત્યારે ?

**દાદાશ્રી :** એ સત્કર્મો નહીં, એ ટાઈમીંગ છે. એના નિયમના આધીન છે એ છૂટે છે ને તે જ રસ્તે આપણે ચાલીએ છીએ. એ રસ્તે જ

ચાલીને ગયેલા ત્યાં આગળ, જે આપણે વિતાડીએ છીએ. એ વિતીને જ ગયા છે આ બધું. એટલે બધાનું એવું છે. કંઈ એકદમ ઓચિંતું કોઈ ઈનામ મળે એવું નથી આ જગત. બધું નિયમથી છે, એક્ઝેક્ટનેસ છે.

## રિયલ જ્ઞાનથી પ્રવાહ બંધ થતા મોક્ષ

**પ્રશ્નકર્તા :** માણસને આ (અથડામણ, મુશ્કેલી) કેમ આવે છે ને જાય છે ? એને આવું કેમ થાય છે ? કયું તત્વ છે જે એને એ કરે છે ?

**દાદાશ્રી :** એ પોતે જાણતો નથી, કે પ્રવાહમાં પોતે વહી રહ્યો છે ! એટલે જેટલું ગયું એટલું દેખાય છે અને નવું આવે એ દેખાતું નથી. જેમ ગાડીમાં બેઠેલો માણસ જેટલું ગયું એટલું જ દેખે. પછી નવું આવે એ (પહેલાં) દેખાય નહીં, એવી રીતે આ વહી રહ્યો છે. જગત એટલે અનાદિ પ્રવાહ. અનાદિ પ્રવાહમાં વહી રહ્યો છે અને ખરેખર પોતે વહી રહ્યો નથી, એ પ્રવાહ એને લઈ જાય છે. પણ જ્ઞાતા-દ્રષ્ટા પોતે છે. એટલે પ્રવાહ જ્યાં સુધી બંધ ન થાય ત્યાં સુધી એને આમ ઉપાધિ રહેવાની. એટલે આ પ્રવાહ બંધ થાય ત્યારે એને મોક્ષ કહે છે.

અનાદિ પ્રવાહ છે આ. અને તે કુદરતી પ્રવાહ છે. એને નિયતિ કહેવામાં આવી. નિયતિનો પ્રવાહ છે આ. હવે આ પ્રવાહમાં તો ચંચળતા હોય. અને પોતે ચંચળ થયો માટે ચંચળ થયું. પ્રવાહ બંધ થઈ જાય, પોતે સ્થિર થયો કે બધું સ્થિર થઈ જાય. પ્રવાહમાં જે જ્ઞાન હોય, તે રિલેટિવ જ્ઞાન હોય. ઉત્પન્ન થાય, વિનાશ થાય, ઉત્પન્ન થાય વિનાશ થાય.

અને જો પ્રવાહ પૂરો થઈ રહ્યો તો રિયલ જ્ઞાન થયું. ત્યાં પોતે જ, રિયલ જ્ઞાન પોતે છે અને રિલેટિવ જ્ઞાન કલ્પના છે. વાત ટૂંકી છે, સમજવાની જરૂર છે.

**પ્રશ્નકર્તા :** આપણા કંઈક શાસ્ત્રો એમ કહે છે કે 'કોણ માણસ કઈ ઘડીએ છૂટશે' એ પણ કુદરત જ નક્કી કરે છે, એ વાત બરાબર બેઠી નહીં. તો એ પણ જીવના હાથમાં જ ગઈને એ વાત ?

**દાદાશ્રી :** એવું છે ને, નક્કી કશું હોતું નથી અને છતાં નિયમમાં છે. જો નક્કી કહેવાયને તો આ લોકોનું મન જુદી જાતનું થઈ જાય. નક્કી બોલાય નહીં એમ. શાસ્ત્રોએ જે કહ્યું છે ને, તેનો અર્થ લોકોને એની અસર પડી ગઈ છે અને આપણા સંતોએ આગળ શું કહ્યું, 'વો સબ હો જાયેગા, પ્રારબ્ધ મેં હૈ તો હો જાયેગા.' તેથી આ હિન્દુસ્તાનની દશા ભૂંડી થઈ ગઈ ! પ્રારબ્ધ એવું ના બોલાય. એ તો એમ જ કહેવું પડે, 'ભઈ ઉઘાડી આંખે ગાડી ચલાવો અને સાવધાનીપૂર્વક ચલાવો, પછી અથડાય એ પ્રારબ્ધ.'

અત્યારે એમ ને એમ પ્રારબ્ધ માની બેઠા છે, તેને લીધે તો આ દેશની આ પરિસ્થિતિ થઈ છે. અને પ્રારબ્ધ ને પુરુષાર્થનો ભેદ આ દેશમાં લગભગ હજારો વર્ષથી નથી. એનો ભેદ, વચ્ચે લાઈન ઓફ ડિમાર્કેશન, એ ભેદ હું આપવા બેઠો છું. પુરુષ થયા પછી પુરુષાર્થ શરૂ થઈ જાય. એની દ્રવ્યદૃષ્ટિ થઈ એટલે પુરુષાર્થ શરૂ થઈ જાય.

**પ્રશ્નકર્તા :** પણ દ્રવ્યદૃષ્ટિ થવી એ પણ એક આપણા હાથની વસ્તુ નથી ને ?

**દાદાશ્રી :** એ હાથની વસ્તુ નથી, ત્યાં સુધી પ્રકૃતિના આધીન છે. એ દ્રવ્યદૃષ્ટિ શેને આધીન છે ? અહીંથી પથ્થર ગબડ્યા, તે બધા આમથી આમ જાય ને આમથી તેમ જાય ને ઘસાય, માંહ્યોમાંહ્ય ટકરાઈ ટકરાઈને ઘસાય, માંહ્યોમાંહ્ય ટકરાય. જેમ આ જીવમાત્ર ટકરાય છે ને, પેલો પેલાને કરડે છે ને પેલો પેલાને મારે છે ને ! એમ ટકરાતાં, ટકરાતાં, ટકરાતાં, ટકરાતાં ગોળ થાય જ્યારે, ત્યારે સમકિત થાય.

## તમામ અનુભવોનું સંગ્રહસ્થાન - કેવળજ્ઞાન

આ 'વર્લ્ડ' 'ઈટસેલ્ફ' 'પઝલ' થયેલું છે. એનું કારણ શું છે કે આ જીવો નિરંતર પ્રવાહમાં જ વહ્યા કરે છે. અનાદિ પ્રવાહરૂપે આ જીવો વહ્યા જ કરે છે.

કુદરતે એવી કળા મૂકી છે કે આ જગત બંધ થાય જ નહીં. ભગવાનને પણ બંધ કરી દેવું હોય તોય ના થાય ! એટલે પછી ભગવાને ધીરજ પકડી કે 'શું બને છે' એ જોયા કરો. અને જેને છૂટવું હોય તે એવી ધીરજ ધરજો. જેને આ જગત પોષાતું ના હોય, તે 'શું બન્યા કરે છે' તે 'જોયા' કરો તો છૂટશો. 'અમે' પણ એવું જ કરીએ છીએ.

આ સંસારનું આખું સ્વરૂપ જ એવું છે કે આ સાયન્ટિફિક સરકમસ્ટેન્શિયલ એવિડન્સ એટલે કુદરત બધું કર્યા કરે અને તમારે 'જાણ્યા' કરવાનું એ જ મોક્ષમાર્ગ છે.

જગત આખું મોક્ષે જ જઈ રહ્યું છે. મોક્ષે જવા માટે રસ્તે જોઈતા આધાર- પુરાવા એ બધું સાધન છે આ બધા. એય મોક્ષ તરફ રહે, આપણેય રહીએ અને એ હેલ્પ કરી કરીને, હેલ્પફુલ થાય એકબીજાને ! પણ મોક્ષમાં જતા આ બધા હેલ્પીંગ થતા નથી. ઊલટાં વઢંવઢા કરીને બ્રેક મારે છે. નહીં તો ઉનાળાનો સ્વભાવ જ એવો કે ચોમાસાને ખેંચી લાવે. જ્યાં હોય ત્યાંથી ખેંચી લાવે. ઉનાળાનો સ્વભાવ વધતો વધતો જાય ને ચોમાસાને ખેંચી લાવે. ભડકી મરવા જેવું નથી.

એટલે આ સંસારનો સ્વભાવ એવો છે કે મોક્ષ તરફ લઈ જાય આપણને. મોક્ષને ખેંચી લાવે છે. સંસાર જેમ કડક વધારે થાય ને, એમ મોક્ષ વહેલો આવે. પણ કડક થાય ત્યારે આપણે બગડી ના જવું જોઈએ, સ્ટેજ ઉપર રહેવું જોઈએ. સાચા ઉપાય કરવા જેવું છે, ખોટા ઉપાય કરવાથી પાછું પડી જાય. દુઃખ પડ્યું એટલે એમ જ માનવું કે મારા આત્માનું વિટામીન મળ્યું અને સુખ પડ્યું એટલે દેહનું વિટામીન મળ્યું, એવી રીતે ચાલવાનું.

આ કુદરત જ છે, તે આ પ્રવાહ અવિનાશી તરફ જ જઈ રહ્યો છે. ચઢ-ઉતર થયા પછી, અનુભવ બધા કર્યા પછી અવિનાશી તરફ જવાનું છે. અનુભવો કર્યા વગર તો ત્યાં પહોંચવાનું છે નહીં. દરેક જાતના અનુભવ કરવાના છે. કેવળજ્ઞાન એટલે તમામ પ્રકારના અનુભવોનું સંગ્રહસ્થાન. એટલે આ બધો જે અનુભવ કરે છે તે કરેક્ટ છે.

**- જય સચ્ચિદાનંદ**

---

**આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના ઓનલાઈન સત્સંગ કાર્યક્રમો - ઈન્ટરનેટ દ્વારા લાઈવ**

**૪ થી ૧૧ સપ્ટેમ્બર : પર્યુષણ પારાયણ (૧૪ ભાગ-૨)** સવારે ૧૦ થી ૧૨-૩૦, સાંજે ૪-૩૦ થી ૭

**૧૨ સપ્ટેમ્બર :** સવારે ૧૦ થી ૧૨-૩૦ - **શ્રી સીમંધર સ્વામીની સ્પેશિયલ ભક્તિ**

**નોંધ :- આપ્તવાણી ૧૪ ભાગ-૨ પેજ નં ૨૪૧થી વાંચન,** 'યોજના આવે રૂપકમાં...' હેડિંગથી.

- આ કાર્યક્રમો ઓનલાઈન લાઈવ વેબકાસ્ટ Akonnect અને Youtube દ્વારા જોઈ શકાશે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭ ; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮ ; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮ ; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮ ;
**મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮ ; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨ ; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦ ; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭ ;
**અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧
**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮ ; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫ ;
**U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706



# પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર



## ભારત

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯ થી ૧૦
- **'અરિહંત'** ચેનલ પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૬-૩૦ **(ફક્ત ગુજરાત રાજ્યમાં)**
- **'સ્વરશ્રી'** પર દરરોજ સવારે ૧૧-૩૦ થી ૧૨ **(ફક્ત ગુજરાત રાજ્યમાં)**
- **'दूरदर्शन उत्तरप्रदेश'** पर हर रोज़ सुबह 7-30 से 8, रात 8-30 से 9-30 **( हिन्दी में )**
- **'साधना'** पर हर रोज़ सुबह 7-50 से 8-15 तथा रात 9-30 से 9-55 **( हिन्दी में )**
- **'उड़ीसा प्लस'** पर हर रोज़ सुबह 7-30 से 8 **( हिन्दी में - केवल उड़ीसा राज्य में )**
- **'दूरदर्शन सह्याद्रि'** पर हर रोज़ सुबह 7 से 7-30 **( मराठी में )**
- **'आस्था कन्नड़ा'** पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 **( कन्नड़ा में )**

## USA - Canada

- **'TV Asia'**- પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST

## U K

- **'वीनस'** **टीवी** पर हर रोज़ सुबह 8 से 8-30 GMT (हिन्दी में)
- **'વીનસ'** ટીવી પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ GMT
- **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT

## Australia

- **'Rishtey'** पर हर रोज़ सुबह 8 से 8-30 तथा दोपहर 1-30 से 2 (हिन्दी में)

## Fiji - NZ - Singapore - SA - UAE

- **'Rishtey-Asia'** पर हर रोज़ सुबह 6 से 6-30 तथा 7-30 से 8 (हिन्दी में)

## USA - UK - Africa - Australia

- **'આસ્થા ગ્લોબલ'** પર સોમ થી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦
  ( ડિશ ટીવી ચેનલ **UK-૮૪૯ , USA-૭૧૯** ) ( ગુજરાતી અને હિન્દીમાં )

સપ્ટેમ્બર ૨૦૨૧
વર્ષ-૨૭, અંક-૧
સળંગ અંક-૩૧૩

# દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## જ્ઞાની ચરણે અહંકાર ઓગળે

અહંકાર એટલે અજ્ઞાનતા. આત્મા અને દેહ બન્ને અલગ હોવા છતાં 'હું કરું છું' એમ ભાવ થાય છે એ ઈગોઈઝમ છે. એ ઈગોઈઝમનું રૂટ કૉઝ (મૂળ કારણ) કાઢી નાખવાનું છે. હું કરું છું કે આ કોણ કરે છે, એ અજ્ઞાનતા કાઢી નાખવાની. આ તો અજ્ઞાનતાની ફાચર છે, બીજી કશી ફાચર નથી. આત્મા અજ્ઞાની છે નહીં, આત્મા જ્ઞાની છે. અહંકાર જ આ કર્મ બાંધે છે. એ અહંકારને કાઢી નાખે, એટલે કર્મ બંધાતાં અટકી ગયાં અને આપણો સંસાર અટકી ગયો. પણ જેની પાસે ઈગોઈઝમ છે ત્યાં આપણો ઈગોઈઝમ શી રીતે નીકળે ? એટલે મારી પાસે આવશો તો હું તમને ઈગોઈઝમ કાઢી આપીશ.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, બી-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.